
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



ભાવનગરનું "દાદાસાહેબ"ના નામથી પ્રસિદ્ધ શ્રી મહાવીરસ્વામીનું
રમ્ય જિનાલય

પુસ્તક ૬૬ મું ] [ અંક ૧ લો.

કાર્તિક

ઈ. સ. ૧૯૪૯ ૨૫ મી ઓકટોબર

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧–૧૨–૦

| પુસ્તક ૬૬ મું<br>અંક ૧ લો | કાર્તિક | વીર સં. ૨૪૭૬<br>વિ. સં. ૨૦૦૬ |
|---|---|---|

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જિનેશ્વર સ્તુતિ ... ... ... | ( શ્રી ગુલાબચંદ જલ્લુભાઇ ) | ૧ |
| ૨. | શ્રી જૈન ધર્મ પ્રકાશ ચિરાયુ થાઓ ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૨ |
| ૩. | શ્રી જૈન ધર્મ પ્રકાશની સેવા અને શુભેચ્છા | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ) | ૩ |
| ૪. | શ્રી ગૌતમસ્વામીનો વિલાપ ... | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી ) | ૪ |
| ૫. | નૂતન વર્ષ ... ... ... | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૫ |
| ૬. | પાંચમા પુરુષાર્થની પ્રધાનતા ... | ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) | ૧૧ |
| ૭. | પુનર્જન્મની ઉપયોગિતા... ... | ( "યુગદર્શન"માંથી ઉધ્ધૃત) | ૧૩ |
| ૮. | મંગલમયી દીપોત્સવી ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૧૫ |
| ૯. | ભક્તિગીત ... ... ... | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી ) | ૧૮ |
| ૧૦. | સાહિત્યવાડીનાં કુસુમો ... ... | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૯ |
| ૧૧. | "કતક"નું ચૂર્ણ ને જળની શુદ્ધિ | ( હીરાલાલ રસિકદાસ કાપડીયા M.A. ) | ૨૪ |
| ૧૨. | વ્યવહાર કૌશલ્ય : ૨ [ ૨૮૯–૨૯૦ ] ... ... | ( મૌક્તિક ) | ૨૭ |


### નવા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. સુખલાલ ત્રીકમલાલ વીરમગામી | સુરેન્દ્રનગર | લાઇફ મેમ્બર |
| ૨. શા. વેલજીભાઇ કાનજીભાઇ | ખંડવા | વાર્ષિક મેમ્બર |
| ૩. શા. મનસુખલાલ નરશીદાસ | મુંબઇ | ,, |

### બહારગામના લાઇફ મેમ્બરો તથા વાર્ષિક સભાસદોને સૂચના.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીની કસાયેલી કલમથી આળેખાયેલ

## ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા

નામનું ભેટ પુસ્તક તૈયાર થઇ જવા આવ્યું છે. સં. ૨૦૦૫ તથા ૨૦૦૬ની સાલની વાર્ષિક સભાસદની ફી વસુલ કરવા માટે આ પુસ્તક નવા વર્ષમાં રવાના કરવામાં આવશે. બન્ને વર્ષના ફીના રૂા. ૬–૮–૦ તથા પોસ્ટેજના રૂા. ૦–૩–૦ રૂા. ૬–૧૧–૦ મનીઓર્ડરથી મોકલી આપનાર સભાસદ બંધુઓને ઉપરનું ભેટ પુસ્તક બુકપોસ્ટથી રવાના કરવામાં આવશે. જેમનું લવાજમ મનીઓર્ડરદ્વારા **૧૫ મી નવેમ્બર સુધીમાં** નહીં આવે તેમને રૂા. ૬–૧૫–૦ નું વી. પી કરવામાં આવશે

લાઇફ મેમ્બરોએ ફક્ત પોસ્ટેજના ૦–૩–૦ મોકલી આપવા; નહીં તો તેમને ૦–૭– નું વી. પી. કરવામાં આવશે. "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**"ના ગ્રાહકબંધુઓ માટે આ ભેટ પુસ્તક નથી તેની નોંધ લેવા કૃપા કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું.
અંક ૧ લો.

: કાર્તિક :

વીર સં. ૨૪૭૬
વિ. સં. ૨૦૦૬

## શ્રી જિનેશ્વર સ્તુતિ.

( પ્રભુ ઝુલાવું, હૈયાના હિંડોળે—એ તર્જ. )

જિનજી પધરાવું, હૈયાના હિંડોળે!
ભક્તિ વસાવું, હૈયાના હિંડોળે! જિનજી૦
ઉત્તમ દ્રવ્યોથી નવી પૂજા રચાવું!
પ્રેમમાં દિવાનો બની આંગી રચાવું!
ધૂપ ધુપાવું! પુષ્પ ચડાવું! જિનજી૦
તારક તમારું ગુણગાન હું ગાઉં!
કઠીન કર્મોના બંધ પલમાં જલાવું!
સાજ બજાવું! ગીત સુનાવું! જિનજી૦
બેડલી હમારી પ્રભુ, પાર ઉતારો!
એટલી હમારી અર્જ, દિલમાં સ્વીકારો!
ગુલાબને તારો! પાર ઉતારો! જિનજી૦

ગુલાબચંદ જલ્લુભાઈ શાહ-રારોદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન ધર્મ પ્રકાશ ચિરાયુ થાઓ !

શત્રુંજય ગિરિરાજ મનોહર શીતલ ધર્મ સુછાયામાં,
ભાવનગર બહુ ભવ્ય ભક્તિયુત ભાવ ભરે જનમાનસમાં;
જૈનધર્મ જિનરાજપ્રણીત શુભ તત્ત્વ પ્રસાર કરાવાને,
મળ્યા યુવક એકત્રિત સર્વે સાહ્ય પરસ્પર કરવાને. ૧

સભા સ્થાપના મંડળ કીધું ધર્મધ્વજા ફરકાવાને,
કુંવર ધરે નિજ સત્ય હસ્તમાં ઊંચી ધર્મપતાકાને;
ફરકાવી બહુ ગ્રંથ મનોહર પ્રગટ અનેક છપાવીને,
ઘરઘરમાં વાચક પ્રગટાવ્યા આત્મિક જ્ઞાન પ્રચારીને. ૨

જૈન ધર્મનો પ્રકાશ ઘરઘર પ્રતિમાસે પ્રગટાવાને,
માસિક સુંદર સુલભ કથાયુત વિવિધ વિષય સહુ ભણુવાને;
પ્રસિદ્ધ કીધું નામ કલાત્મક **જૈન ધર્મ પ્રકાશ** ધરી,
કાવ્ય અને બહુ પ્રબંધ બોધક ચર્ચાત્મક સહુ લેખ ભરી. ૩

સંશય કઇક જનોના કાપ્યા સંશોધન બહુ શાસ્ત્ર કરી,
મુનિજન ને વળી શ્રાવક ભવિજન લેખક કઇક કર્યા ભારી;
ભર્યો ધર્મ ઉત્સાહ જનોમાં લેખક વાચક પ્રગટાવ્યા,
વાચન કરતા માસિક સહુના હર્ષોર્મિ મનમાં ભાવ્યા. ૪

જનમાનસસર હંસ કુંવરજી સેવા ધર્મતણી કરતા,
ધન્ય ધન્ય સહુ જનમાં થાતા પૂર્ણાયુ વિજયી તરતા;
પ્રકાશ ધ્વજ નિજ હાથે દીધો **જીવરાજ**ના કરકમલે,
દિન દિન ચમકે વિજય અવનિમાં પ્રતિક્ષણે નવ વિજય મળે. ૫

જૈન તત્ત્વની ઉજ્વલ રચના પાશ્ચિમાત્યથી તુલવામાં,
**જીવરાજ** જીવન અર્પે છે નિર્વિવાદ રસ રચવામાં;
લેખો ભણતા વા સાંભળતા આત્માનંદ વહાવે છે,
ધન્ય લેખિની સરસ નયાન્વિત દર્શન સત્ય કરાવે છે. ૬

કેઇક મુનિ આચાર્યો રસભર અમૃત થાળ ભરાવે છે,
રસિક ભવ્યજન માનસનભમાં ચંદ્રકિરણ વરસાવે છે;
કવિજન કાવ્યકળા પિરસે છે વિવિધ વિષય પક્વાન્ન રચી,
હૃદય હર્ષભર સહુના કરતા આનંદોર્મિ નૃત્ય મચી. ૭

ગુર્જર હિંદી મગધદેશની ભાષા દેવગિરા સારી,
રચના સુંદર શ્રવણ મનોહર સાલંકૃત સુમનોહારી;
જેહ વાંચતા ગાતા ભણતાં હૃદય પ્રફુલ્લિત હર્ષ ભરે,
આત્મા સાથે ભાવ પ્રગટતા ક્ષણુ માટે સહુ મોહ ટળે. ૮

માસિક એહ અમરપદ લેજો દિન દિન ચઢતો વાન ધરી,
લખ્યક કવિજન વાચક સહુના ચિત્ત હરો એ કલેશ હરી;
આકર્ષક ને સુંદર વેષે પુષ્ટ એહ વધજો સારું,
**બાલેન્દુની** જિન ચરણોમાં વિજ્ઞપ્તિ શુભ ભાવ ભરું. ૯

**શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"—માલેગામ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન ધર્મ પ્રકાશની સેવા અને શુભેચ્છા

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

નવા વરસમાં નવલું જીવન ગાળજો, જે જીવનથી સર્વ સુખ સધાય જો;
અંતરનાં પરિતાપો સર્વ છેદીને, સાચા સુખના લેજો રુડા લ્હાવ જો. નવા૦ ૧
સાચી ભક્તિ દેવ ગુરુ ને ધર્મમાં, વધજો તેનો સર્વાંગી શુભ્ર વિકાસ જો;
જૈનો જાણો આ અમૂલ્ય તત્ત્વને, પામે તેથી સ્વાત્મતણો પ્રકાશ જો. નવા૦ ૨
'પ્રકાશ'ની સેવાનું મૂલ શું કહું ! કહેતાં કહેતાં ઉર સાગર ઉભરાય જો;
ગદ્યપદ્યની નિર્ઝરતી જ્યોત્સ્નિકા, અંતરના ઊંડા દ્વારે જઇ અથડાય જો. નવા૦ ૩
'સાહિત્ય વાડીના કુસુમો' શોભતા, રંગે તેમાં વિધવિધ પાડી ભાત જો;
સુરભિરૂપ શૈલી જે અંતરને હરે, વિકસાવતી આ વાડીને વિખ્યાત જો. નવા૦ ૪
ઉન્નત ને ઔદાર્ય જીવન ગાળવા, આપી 'ગીતા' અનુભવગમ્ય ગણાય જો;
'કર્મવાદ' ને 'જ્ઞાન'તણા ભેદો ભર્યા, બુદ્ધિનો સૂક્ષ્મ વિકાસ સધાય જો. નવા૦ ૫
'પ્રભુસેવાની ભૂમિકા'એ પાઠવ્યા, આધ્યાત્મિકભાવે જ્ઞાન-કર્મનાં દાન જો;
વાણીની વિમળતા સર્વે સાચવી, સંત કૃતિને આપ્યાં છે બહુમાન જો. નવા૦ ૬
કૃતિ સુંદર સદ્‌ગુરુઓની શોભતી, સુભગ શીતળ ને બોધિબીજકરૂપ જો;
વ્યવહાર ને નિશ્ચયનો સંગમ જ્યાં થતો, તારકભાવે તરતી નૌકા અનૂપ જો. નવા૦ ૭
'વ્યવહાર કૌશલ્ય'માં ભરેલા સત્ત્વને, હિતબુદ્ધિથી જાણે જો કોઈ આજ જો;
ખરું બનાવે સ્વર્ગ આ સંસારને, પામે તેથી ભૌતિક સુખ અપાર જો. નવા૦ ૮
'પ્રોફેસર' કૃતિને નિરખું નેહથી, લાગે તેમાં ગમ્ય અગમ્ય ભાવ જો;
ઊંડા દોહન શાસ્ત્રોનાં તેમાં ભર્યાં, જૈન ધર્મનો વિશ્વવંદ્ય આ દાવ જો. નવા૦ ૯
તંત્રીનોંધે શોભે સુહાગન લેખિની, શોધક બોધક જ્ઞાયક એનું નૂર જો;
હેત હૈયાનાં દાખવતી ને વિનવતી, 'પ્રકાશ' પાને થાળ ભરી ભરપૂર જો. નવા૦ ૧૦
વિદ્યાવિલાસી સજ્જનોના લેખથી, શ્રદ્ધાનાં જ્યાં પ્રગટ્યા છે અંકૂર જો;
કાવ્યો ને સંવાદો નવ રસથી ઝરે, ચારિત્રોનાં પાત્રો જગમશહૂર જો. નવા૦ ૧૧
પ્રશ્નોત્તરના અભ્યાસી એમ ચિન્તવે, શ્રાદ્ધવર્ય (કુંવરજીભાઇ)ની સ્મૃતિ તાજી થાય જો;
શિર નમે છે એ નામે આજે ખરે ! અન્તરદ્વારે ગુંજારવ સંભળાય જો. નવા૦ ૧૨
જૈન ધર્મની સાચી વાગે વાંસળી, પૂરો તેમાં જ્ઞાન-ક્રિયાના સૂર જો;
એકાંત ન્યાયે માને જગના માનવી, ન માને ત્યાં જૈનોનાં સુપૂત જો. નવા૦ ૧૩
માતૃભૂમિને નંદનવન સમ રાખવા, જૈનોએ આપ્યો છે બહુ ભોગ જો;
તેના પુત્રો આજે ઉદાસીન ના રહે, સ્વરાજ્યનો સામો મળ્યો શુભ યોગ જો. નવા૦ ૧૪
મતભેદના વાડા સર્વે ભૂલીને, પૂર્વગ્રહને રાખી સદાય દૂર જો;
ઘડજો ઘડતર આ સામાજિક નાવનું, "પ્રકાશ"ની છે એ ઇચ્છા ભરપૂર જો. નવા૦ ૧૫
સંપ સત્યના સર્વે બનજો સારથી, પરોપકારે વહજો સેવા પૂર જો;
"**જૈન ધર્મ સભાની**"ની મંગળ યાચના, નવા વરસમાં કરજો એ સંપૂર્ણ જો. નવા૦ ૧૬

મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

દોહા

પ્રભુ વીર પધારીયા, પાવાપુરી મોઝાર;
હસ્તિપાળની જીર્ણ સભાએ, અનેક મુનિ પરિવાર...૧
પુન્યપાપ ફળ ઉચ્ચરે, ઉત્તરાધ્યયન રચાય;
અંતકાળે વિપ્ર બોધવા, ઇન્દ્રભૂતિ મોકલાય...૨
પુન્યરાય સ્વપ્ન કહે, ભસ્મરાશિ સંક્રમાય;
ઇન્દ્ર વિનવે ક્ષણ બિરાજો, વીર કહે એ નવ થાય...૩

આંતરો

( દેશી–આવો આવો દેવ ! મારા સુના, સુના દ્વાર ! મારા આંગણા સુના—એ રાગ ).

તારો ! તારો વીર ! મારી નૈયાના આધાર !......મને પાર ઉતારો
તુમ વિયોગે પ્રભુજી પ્યારા, ગૌતમ વિનવે આજ......મને પાર ઉતારો
યોગાસને કર્મ ખપાવી, જ્ઞાનપ્રકાશ બુઝાયો;
જ્ઞાતનંદન શિવ સિધાવ્યા, જગ અંધાર છવાયો...મને૦ ૧
શી ઝળહળતી કેવળ જ્યોતિ ? આસો અમાસે જાય;
સુરનર શોકે દીપક કરતા, તે દિવાળી સોહાય...મને૦ ૨
રૂમઝુમ કરતા દેવવિમાનો, જે આકાશે ગાજે;
વળતા સ્વામી ગણપતિ પૂછે, સુર આવ્યા કિણ કાજે ?...મને૦ ૩
ભવિજનતારક સત્ય દયામય, કુમતિ ટાળનહાર;
વર્દ્ધમાન વિભુ મોક્ષે પધાર્યા, (અમ) આવ્યાને અવસર...મને૦ ૪
સાંભળીને મૂર્ચ્છા એ પામે, દડદડ આંસુ વહાવે;
હે પ્રભુ ! હું છેડો ન ઝાલત, શિવ ન સાંકડું થાત...મને૦ ૫
વીર વીર કહી [1]વિલપે, કોને પૂછું પ્રશ્ન ભદંત ?
કોણ બોલાવે ગુણી ગોયમ ! કિણ પાસે રહું સંત...મને૦ ૬
રે ! નિરાગી તવ ભાવ ન જાણ્યો, શ્રુત ઉપયોગ ન આણ્યો !
રાગરીસના જગથી સર્યું ! મન વૈરાગે ધર્યું...મને૦ ૭
નૂતન વર્ષ નવ પ્રભાતે, ગૌતમ કેવળ પાવે;
જગના જીવો હર્ષે મ્હાલે, સુર ઉત્સવમાં આવે...મને૦ ૮
બારે વર્ષે વીર ગૌતમ મળતાં, શાશ્વત સુખમાં હ્હેરે;
શાસન ચંદ્ર સોહે જગમાં, હર્ષ ધરોધર પ્રેરે...મને૦ ૯

મુનિશ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજ

---

[1] વિલાપ કરતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्ष

શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશી

વિક્રમ સંવત ૨૦૦૬ ના નૂતન મંગળમય પ્રભાતે " શ્રી જૈન ધર્મ પ્રકાશ " પાંસઠ વર્ષની વય વ્યતીત કરી છાસઠમા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકનું આવું લાંબું આયુષ્ય એક અહોભાગ્ય છે. તેનું મોટું માન **સ્વર્ગસ્થ કુંવરજીભાઇને** ઘટે છે. તેમનો સ્થૂલદેહ વિલય પામ્યા છતાં તેમનો અમર આત્મા માસિકને તથા આ સંસ્થાને પ્રાણ પૂરી રહ્યો છે. મહારાષ્ટ્રીઓ કહે છે કે-ગુજરાતીઓ વેપાર અને પૈસામાં મશગૂલ રહે છે, સાહિત્યસેવા બહુ ઓછી કરે છે. જૈન ધર્મ પ્રસારક સભાએ કરેલ સાહિત્ય સેવા અને સતત પ્રગતિ પામતું શ્રી જૈન ધર્મ પ્રકાશ તેઓના આ આક્ષેપને અયથાર્થ ઠરાવે છે.

વ્યતીત થતાં વર્ષ ઉપર દૃષ્ટિપાત કરતાં રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રોમાં થયેલાં અનેક પરિવર્તનો દૃષ્ટિગોચર થાય છે. છેલ્લી મહાન લડાઇ પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એકતા, શાંતિ કે સમતુલા થયેલ નથી. અમેરિકા, ઇંગ્લેંડ અને રશિયા જેવા મહારાજ્યો સામસામી ઘુરકાઘુરકી કરે છે. અમેરિકા કે ઇંગ્લાંડ જે કરવા માગે છે તેમાં રશિયા કાયમ આડખીલી ઊભી કરે છે. અમેરિકા પોતાની સંપત્તિ અને યુદ્ધસરંજામ ઉપર મુસ્તાકીન રહેવા માગે છે. તેની પાસે અઢળક દ્રવ્ય, વિજ્ઞાન અને મહાન્ ઉદ્યોગો છે, પોતાના દ્રવ્ય અને ઉદ્યોગોથી અમેરિકા આખા જગત્ ઉપર સરસાઇ ભોગવવા માગે છે. પોતાની પાસે અણુબોંબ જેવા વિનાશક યુદ્ધ સાધનો છે, તેથી આખા જગતને ડરાવે છે. પણ રશિયા પોતાના દેશમાં લોખંડી દીવાલ પછવાડે જગત ન જાણે તેમ યુદ્ધના સાધનો વધાર્યે જ જાય છે. હાલમાં જ જગતને જાણવા મળેલ છે કે તેની પાસે પણ અણુબોંબો છે. જગતના વિનાશને માટે નહી, પણ કલ્યાણ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરવાનો અને અણુશક્તિનું નિયંત્રણ કરવાનો રશિયાએ જગતના મહાન્ રાજ્યોને આહ્‌વાન કરેલ છે, પણ હજુ તેના ઉપર વિશ્વાસ રાખવા અમેરિકા ના પાડે છે, અને વધુ ઘાતક અણુબોંબો બનાવી રશિયા જેવા રાજ્યને ડરાવી જગતમાં પોતે શાંતિ સ્થાપી શકશે એવો પ્રચાર કરે છે. જગતમાં શાંતિ સ્થાપવાનો આ માર્ગ નથી, વૈરવૃત્તિથી વૈર વધે છે. અહિંસાની ભાવનાથી જ વૈરનો ત્યાગ થાય છે એવો શ્રી મહાવીર પ્રભુનો તથા મહાન્ પયગંબરો અને મહાત્માજી જેવાઓનો જગતને સંદેશ છે. નૂતન વર્ષમાં જગત્‌ના મહારાજ્યો આ સંદેશને ઝીલે અને તે પ્રમાણેની ભાવના રાખે, એવી પ્રભુ પાસે આપણી પ્રાર્થના છે.

વ્યતીત થયેલા વર્ષમાં ભારતવર્ષ-ઈંડીયામાં પણ અનેક પરિવર્તનો થયા છે. વડોદરા, કોલ્હાપુર જેવા મોટા મોટા રાજ્યોનું ભારત સાથે વિલીનીકરણ થયેલ છે, ગુજરાત અને મહારાષ્ટ્રના તમામ રાજ્યો મુંબઈ ઇલાકામાં ભળી ગયા છે. રજપૂતાના ઉદેપુર, જોધપુર, જયપુર જેવા મોટા રાજ્યો અને બીજા તમામ ત્યાંના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યોનો સંઘ થયો છે. રાજાઓએ પોતાની સર્વ સત્તા સંઘને આપી દીધી છે. તે પ્રમાણે ઉત્તર હિંદુસ્તાનના પૂર્વ ભાગના રાજ્યો પણ હિંદુસ્તાન સાથે ભળી ગયા છે. દક્ષિણના મોટા રાજ્યોએ એકમ કર્યા છે, અને પોતાની સાર્વભૌમ સત્તા છોડી દીધી છે. સૌરાષ્ટ્રમાં તો વર્ષ પહેલાં જ એકમ થયેલ છે. હૈદ્રાબાદ જેવું મોટું રાજ્ય પણ હિંદ સરકારની દેખરેખ અને અંકુશમાં આવી ગયું છે. ટૂંકમાં હિંદુસ્તાનના તમામ દેશી રાજ્યો હિંદ સરકારના સીધા કે આડકતરા ભાગ બન્યા છે. કાશ્મીરનો સવાલ હજુ ઊભો છે પાકિસ્તાન કાશ્મીર ઉપર પોતાની સત્તા સ્થાપવાનો પૂર્ણ પ્રયાસ કરે છે. અને બળથી પોતાની સત્તા સ્થાપવા સુધીની ધમકી આપે છે. આપણે ઇચ્છીએ કે નૂતન વર્ષમાં કાશ્મીરના સવાલનો પણ શાંતિભર્યો ઉકેલ આવી જશે અને હિંદુસ્તાનમાં એક અશાંતિનું કારણ દૂર થશે.

જગતના આર્થિક ક્ષેત્રમાં સર્વત્ર અશાંતિ અને અંધાધુંધી પ્રવર્તે છે. છેલ્લી મોટી લડાઇમાં પુષ્કળ નાણું અમેરિકામાં એકઠું થયું છે. તે નાણાના બળથી મોટા મોટા ઉદ્યોગો ત્યાં સ્થાપિત થયા છે અને વિકાસ પામ્યા છે. બીજા દેશોમાં નાણાની ભીડ છે. અમેરિકા બીજા દેશોને આર્થિક મદદ કરવા માગે છે, પણ જગતમાં આયાત નિકાસની સમતુલા સચવાતી નથી, પરિણામે બધા દેશો અમેરિકાના દેવાદાર બન્યા છે. નાણાનો સવાલ ઉકેલવા હાલમાં જ ઇંગ્લેંડે પોતાના ચલણ પાઉંડને ડીવેલ્યુ કરેલ છે, એટલે અમેરિકાના ચલણ ડોલરના પ્રમાણમાં પાઉંડની કિંમત ઓછી કરેલ છે-લગભગ ત્રીશ ટકા ઓછી કરેલ છે. બીજા ઘણા દેશોએ પણ નાણામાં સમતુલા સાચવવા પોતાના ચલણની કિંમત ઓછી કરેલ છે. હિંદે પણ રૂપિયાની કિંમત ઓછી કરેલ છે. આ પ્રમાણે ચલણમાં ઓછી કિંમત થવાથી વ્યાપારી જગતમાં મોટો ઊહાપોહ જાગ્યો છે. પરિણામ શું આવશે તેના વિચારમાં મોટા મોટા અર્થશાસ્ત્રીઓ પડી ગયા છે. ટૂંકામાં જગતમાં વ્યાપારમાં પણ ઘણી અશાંતિ છે.

જગતભરમાં આર્થિક કટોકટી જાગવાથી અને ફુગાવો-કૃત્રિમ નાણાનો વધારો થવાથી જીવનની દરેક વસ્તુનાં ભાવ ત્રણ ત્રણ ચાર ચારગણા વધી ગયા છે. તેનો ખરો મારો મધ્યમ વર્ગના માણસો ઉપર છે. તેઓની પેદાશ વધી નથી અને ખર્ચા ઘણા વધી ગયા છે. આપણા જૈનસમાજમાં મોટો ભાગ મધ્યમ વર્ગનો અને ગરીબ વર્ગનો છે. લડાઈને લીધે થોડા થોડા માણસો તવંગર બન્યા છે તેથી સમાજ જાણે કે તવંગર થયો છે એવો આભાસ થાય છે. પણ વસ્તુત: તપાસતા આર્થિક દૃષ્ટિએ આપણો સમાજ નિર્બળ બનતો જાય છે. આવી મોંઘવારી લાંબી ચાલશે તો આપણા સમાજની કેવી શોચનીય સ્થિતિ થશે તેની કલ્પના કરતા દુ:ખ થાય છે.

આવી આર્થિક કટોકટીના કારણે જગતમાં જૂદા જૂદા વાદો-વિચારો ઊભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા છે. મૂડીવાદ, સમાજવાદ. સામ્યવાદઃ આર્થિક સ્થિતિનો લાભ લઇ સામ્યવાદ લોકોને પોતા તરફ આકર્ષે છે. જે જે દેશોમાં મૂડીવાદના કારણથી લોકોમાં અશાંતિ છે ત્યાં ત્યાં સામ્યવાદનો પગપેસારો સહેલાઇથી થાય છે. ચીન દેશ, બ્રહ્મદેશ વિગેરેમાં સામ્યવાદે ઘણું જોર કરેલ છે. ચીન દેશ તો ઘણોખરો સામ્યવાદીઓએ કબજે કર્યો છે. હિંદમાં પણ સામ્યવાદ જોર પકડતો જાય છે. જો મૂડીવાદીઓ નહિ સમજે, કાળા બજારો કરતા નહિ અટકે તો હિંદની ગરીબાઇ જોતાં સામ્યવાદ સહેલાઇથી હિંદમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપશે એવો ભય છે. આપણે આશા રાખશું કે નૂતન વર્ષમાં મૂડીવાદ અને સામ્યવાદ પોતાની મર્યાદા સમજશે અને સ્વાર્થનો ભોગ આપી હિંદમાં અશાંતિ થતી અટકાવશે.

ગયા વર્ષમાં આપણા જૈન જગતને સ્પર્શે એવી બે ત્રણ ઘટનાઓ બનેલ છે. મુંબઇ સરકારે જાહેર ટ્રસ્ટના ધર્માદાના નાણાનો દુર્વ્યય અટકાવવા અને તેના ઉપર અંકુશ મૂકવા જસ્ટીસ તેંડુલકરના પ્રમુખપણા નીચે એક કમીટી નીમી હતી. સદરહુ કમીટીએ ઘણા જૂદા જૂદા ધર્માદા ટ્રસ્ટના વહીવટ કરનારાઓ અને તેમાં રસ લેનારાઓની જૂબાનીઓ એકઠી કરી હતી. આ કમીટીની તપાસ દરમ્યાન આપણો દેવદ્રવ્યનો સવાલ ઊભો થયો હતો, અને તેના વિચારમાં મોટો ઊહાપોહ થયો હતો. જૂના વિચારના ગૃહસ્થો એવા વિચારના હતા કે દેવદ્રવ્યનો મંદિરો અને પ્રતિમાના ખર્ચ સિવાય બીજી કોઇ બાબતમાં ઉપયોગ થઈ શકે નહિ. નવા વિચારના માણસો એવા વિચારના હતા કે દેવદ્રવ્યનો ઉપયોગ બીજા જ્ઞાન જેવા ખાતામાં પણ થઇ શકે. કેટલાક તો એટલે સુધી આગળ વધીને કહેતા હતા કે દેવદ્રવ્ય જે એકઠું થયેલ હોય કે એકઠું થાય તેનો ઉપયોગ વ્યાવહારિક કેળવણીમાં કેમ ન થઇ શકે? તેંડુલકર કમીટીની તપાસમાં બીજો વાંધો એવો ઉઠાવવામાં આવતો હતો કે સરકાર આવા નાણાં ઉપર કાંઇ અંકુશ મૂકી શકે નહિ, તેનો વહીવટ ચાલે તેમાં હસ્તક્ષેપ કરી શકે નહિ કે સરકારી માણસ નીમી તે વહીવટ પોતાના હસ્તક લઇ શકે નહિ. આ કમિટી સામે જૈન સંઘે મોટો વાંધો ઉઠાવ્યો હતો. તેંડુલકર કમિટીએ પોતાનો રિપોર્ટ સરકારમાં રજૂ કરેલ છે. તે ઉપર તથા બીજા જાહેર મત ઉપર લક્ષ્ય રાખી મુંબઇ સરકારે ધારાસભામાં બીલ રજૂ કર્યું છે. તેમાં કેટલીક ચર્ચા થયા પછી તે બીલ સીલેકટ કમીટીને વિચારણા માટે સોંપાયેલ છે. તેનું પરિણામ જે આવે તે જોવાનું રહે છે.

સરકારમાં આપણી ફરિયાદ નોંધાવવી અને સરકારના વિચારમાં પરિવર્તન કરાવવું તે એક સવાલ છે. પણ તે સાથે જૈન સમાજે પણ દેવદ્રવ્યનો સવાલ જૂદી જૂદી દૃષ્ટિએ તપાસવાનો રહે છે અને દેશકાળને અનુકૂળ રહી દેવદ્રવ્યનો વ્યય ધર્મ અને સમાજના કલ્યાણ માટે કેમ થઈ શકે તેનો નિર્ણય કરવાની જરૂર છે. સંઘની જૂદી જૂદી આગેવાન વ્યક્તિઓએ પૂર્વગ્રહો છોડી દઇ એકત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી આ સવાલનો ઉકેલ લાવવાની પૂર્ણ જરૂર છે. આપણે સરકાર પાસે ફરિયાદો નોંધાવવા એકઠા થઇએ છીએ પણ સવાલનો સંતોષકારક ઉકેલ લાવવા કાંઇ પ્રયાસ કરતા જોવામાં આવતા નથી. હજુ એક ક્ષેત્રમાં જ આપણું દ્રવ્ય ખર્ચવા આપણુને ઉપદેશ આપવામાં આવે છે. શ્રાવક-શ્રાવિકા કે જ્ઞાન જેવા અન્ય ક્ષેત્રો જે સીદાય છે તેની સંભાળ લેવા કે દાનનો પ્રવાહ તે બાજુ વાળવા આપણુને ઉપદેશ આપવામાં આવતો નથી, તે ઉપદેશ આપવામાં પણ અશુભ કર્મ બંધાય છે એવી માન્યતા જોવામાં આવે છે. નૂતન વર્ષમાં આપણા અગ્રણીઓ એકઠા મળી આ સવાલનો સંતોષકારક નિર્ણય કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

વ્યતીત થયેલા વર્ષમાં આપણા તીર્થોના રક્ષણ અને હક્કતું નિરાકરણ મોટે ભાગે થઇ ગયેલ છે. શ્રી શત્રુંજય તીર્થનો સવાલ ગયે વર્ષે સૌરાષ્ટ્ર સરકારે ઉકેલી આપ્યો હતો. આ વર્ષમાં શ્રી ગિરનારજી તીર્થનો સવાલ પણ ઉકલી ગયો છે. આબૂજીનો સવાલ પણ ઊભો રહ્યો નથી. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી અને તેના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈની અવિરત મહેનત અને કુનેહથી તીર્થોના સવાલોનું નિરાકરણ થઇ ગયેલ છે, જે આપણુને મન આનંદનો વિષય છે. યાત્રાળુઓ હવે સુખશાંતિથી તીર્થોની યાત્રાઓ કરી પોતાને પવિત્ર કરી શકશે.

શેઠશ્રી કસ્તુરભાઈને અમદાવાદના સંઘે અને મુંબઈના આગેવાન ગૃહસ્થોએ ભવ્ય મેળાવડા કરી અભિનંદન આપેલ છે. શેઠશ્રી કસ્તુરભાઇ-જેઓ એક વિચક્ષણ રાજદ્વારી પુરુષ છે, જેમણે પરિવર્તન પામતા દેશકાળનો અનુભવ કર્યો છે, આપણા જૈન ધર્મનું રાષ્ટ્રમાં કયું સ્થાન છે અને કેવું સ્થાન હોવું જોઇએ તેનો અભ્યાસ કર્યો છે.-તેમણે બંને મેળાવડામાં જે વચનો ઉચ્ચાર્યાં છે તે દરેક જૈન ભાઇએ સમજવા અને વિચારવા જેવા છે. જૈન સંસ્કૃતિ અને જૈનધર્મ સાચવવા અને જગતને તેનો સંદેશ આપવા આપણું શું કર્તવ્ય છે તે તેઓશ્રીએ સમજાવેલ છે. આપણી ધર્મકરણી પ્રત્યેક જૈન વ્યક્તિને માટે આવશ્યક છે: પણ જગતને પ્રભુનો અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સંયમનો સંદેશ પહોંચાડવા માટે તો આપણામાં ઉદારભાવના જોઇએ. સાંપ્રદાયિક સંકુચિતતા છોડી દેવી જોઇએ, આપણા જૂના ભવ્ય તીર્થોની પવિત્રતા અને સુંદરતા પ્રસિદ્ધ કરવી જોઇએ, આપણા જ્ઞાનભંડારો ખુલ્લા મૂકવા જોઇએ, આપણી જૈન સંસ્કૃતિથી જગતને વાકેફ કરવા આપણા સાધુ મહારાજાઓ અને વિદ્વાન ગૃહસ્થોએ ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ. તેવો વિદ્વાન વર્ગ ઊભો કરવા સાધનો એકત્રિત કરવા જોઇએ. આ કાળમાં તર્કની ભાષામાં અભ્યાસ કે લખાણોને સ્થાન નથી. વિજ્ઞાનની ભાષામાં સમજાવવાની જરૂર છે માટે વિજ્ઞાન સાથે આપણા તત્ત્વો સમજાવી શકે એવો વિદ્વાન વર્ગ ઊભો થવો જોઇએ. શેઠશ્રી કસ્તુરભાઇનું આ કથન સમયોચિત અને યથાર્થ છે. દરેક સમજુ જૈને વિચારવા જેવું છે.

શેઠશ્રી કસ્તુરભાઇએ મુંબઇના તેઓશ્રીના માનપત્રના જવાબમાં જૈન ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જૈન સંસ્કૃતિને સાચવવા તથા વિકસાવવા, આપણા તીર્થોની રક્ષા તથા મરામત કરવા, આપણા જ્ઞાનભંડારોની સંભાળ અને ઉપયોગિતા સાધવા જે વચનો કહ્યા છે તે દરેક જૈને ધ્યાનમાં રાખવા જેવા છે: તેઓશ્રી કહે છે કેઃ—

જૈન ગ્રંથભંડારોમાં જૈન ધર્મના અતિ મહાન્ સિદ્ધાંતો અને ભાવનાઓ વ્યક્ત થયેલાં છે, પરંતુ દુર્ભાગ્યે જૈન મુનિઓ અને ગણ્યાગાંઠ્યા અભ્યાસીઓ સિવાય કોઇ એનો ઉપયોગ કરતું નથી. જૈન અને જૈનેતરોને એનો લાભ મળે એવી વ્યવસ્થા જૈન સમાજે કરવી જોઇએ. અને સર્વ પુસ્તકોને વ્યવસ્થિત રાખવાના ઉપાયો યોજવા જોઇએ. જૈનોની અનેક ખામીઓ છતાં અનેક ઝંઝાવાતો સામે જૈન ધર્મ તેના ઉચ્ચ સિદ્ધાંતો અને ભાવનાઓવડે આજે ટકી રહ્યો છે. દુનિયામાં અલૌકિક ગણાતાં જૈન મંદિરો અને તીર્થસ્થાનોનો આજે દુરુપયોગ થઇ રહ્યો છે, તે દુઃખની વાત છે. જીર્ણોદ્ધાર માટે નજીવી રકમ આપનારને પણ તેના તકતી કોતરાવવાનો કીર્તિલોભ છે.

જગતને માર્ગદર્શન આપતાં જૈન ધર્મ, સંસ્કૃતિ, દર્શન અને તત્ત્વજ્ઞાનને વિકસાવવાના જૈન સમાજે પગલાં લેવાં જોઇએ. શેઠશ્રી કહે છે તે હકીકત અક્ષરશઃ ખરી છે. આપણા જ્ઞાનભંડારોમાં પૂરાયેલ ગ્રંથોમાં અમૂલ્ય જ્ઞાન સમાયેલ છે. થોડા મુનિ મહારાજાઓ તે અમૂલ્ય જ્ઞાનને બહાર જગત સમક્ષ મૂકવા જે અવિરત પ્રયાસ કરે છે તે માટે આપણે તેઓશ્રીના રૂણી છીએ. ગૃહસ્થો તો ગણ્યાગાંઠ્યા જ આ કામમાં રસ લેતા જોવામાં આવે છે. આપણો સમાજ વ્યાપારી માનસનો હોવાથી તેને જેટલી લક્ષ્મી પ્રિય છે તેટલી વિદ્યા પ્રિય નથી, તેમ આપણામાં વિદ્વાન્ સંસ્કારી માણસોની કિંમત ઓછી છે. જો જૈન પૂરાતની સંસ્કૃતિ સાચવવી હોય તો આવો વિદ્વાન્ સંસ્કારી વર્ગ ઊભો કરવા પૂરતા પ્રયાસ કરવા જોઇએ. તેવા કેંદ્રો સ્થાપવા જોઇએ, તેમાં જોઇએ તેટલું દ્રવ્ય વાપરવા પાછી પાની કરવી ન જોઇએ. દેશ-પરદેશમાં અવલોકન અને અભ્યાસ માટે લાયક માણસોને મોકલવા જોઇએ અને તેઓને ભવિષ્યમાં પણ સમાજમાં સારું સ્થાન આપવું જોઇએ. મહારાષ્ટ્રીઓએ સર્વંટ ઑફ ઇંડિયા સોસાયટી સ્થાપી જેવા દેશભક્તો અને વિદ્વાનો ઊભા કર્યા તે લાઇન ઉપર કામ લેવું જોઇએ. એક બીજી સૂચના પણ કરવાનું મન થાય છે. શ્રી પૂરણચંદજી નહાર જેવા ગર્ભશ્રીમંત ગૃહસ્થે જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિ માટે પોતાના જીવનનો મોટો ભાગ અર્પણ કર્યો એવો ધર્મ અને સંસ્કૃતિ માટે પોતાના જીવનનો ભાગ અર્પણ કરનાર આપણા અમદાવાદના શેઠીઆ કુટુંબના કોઇ સદ્‌ગૃહસ્થ શું તૈયાર ન થઇ શકે?

કાગળો અને છપાઇની છેલ્લા ચાર પાંચ વર્ષની સખત મોંઘવારીના કારણે સભાનું નવું પ્રકાશનનું કામ બંધ રાખવું પડ્યું છે. હજુ પણ મોંઘવારી ઓછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલ નથી, ટૂંકા સમયમાં ઓછી થવા સંભવ જણાતો નથી, એટલે મોંઘવારી હોવા છતાં નવું પ્રકાશન શરૂ કરવાની વિચારણા ચાલે છે.

જૈન ધર્મ પ્રકાશનો ખર્ચ તો ગયા વર્ષ કરતાં કાંઇ ઓછો થયો નથી. એક એક કોપીના ચાર ચાર રૂપિયા લગભગ પડે છે. વ્યતીત થયેલા વર્ષમાં માસિકની સહાયમાં પણ નજીવી રકમ આવેલ છે. એટલે બીજી રીતે સહાય ન મળે તો અણછૂટકે લવાજમ વધારવાની જરૂર પડશે.

છેલ્લા આસો માસના અંકમાં વાર્ષિક લેખકોની અનુક્રમણિકા આપવામાં આવેલ છે. તે જોતાં જણાશે કે પદ્ય લેખકોમાં મુનિરાજ શ્રી વિનયવિજયજી, આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી, મુનિરાજશ્રી ધુરંધરવિજયજી, મુનિશ્રી દેવેન્દ્રસાગરજી, આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી, શ્રી મગનલાલ મોતીચંદ, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રીરાજમલ ભંડારી, શાહ અમરચંદ માવજી, ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, શ્રી ગુલાબચંદ જલ્લુભાઈ વિગેરે નામો જોવામાં આવે છે. ગદ્ય લેખકોમાં આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી, મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી, શ્રી હીરાલાલ ર. કાપડીયા, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, પંડિત લાલચંદ, શ્રીઅગરચંદજી નાહટા, મુનિરાજ શ્રી ન્યાયવિજયજી ત્રિપુટી, શ્રી દીપચંદ જી. શાહ વિગેરે નામો જોવામાં આવે છે. અમે પણ યથાશક્તિ તબીયત બરાબર ન હોવા છતાં સાહિત્યસેવામાં ફાળો આપ્યો છે. કૉલેજોમાં અને યુનિવર્સીટીમાં ઉચ્ચ અભ્યાસ કરનાર અને માનવંત ડીગ્રી ધરાવતા વિદ્વાનોને સારા લેખો લખી મોકલવા અમારી સતત માગણી છતાં તેમાં કાંઇ સફળતા મળેલ નથી. અમે આશા રાખશું કે-તેઓ થોડો સમય કાઢી આવા જ્ઞાનપ્રચારના કામમાં યથાશક્તિ ફાળો આપશે. અમારા જૂના લેખકો પ્રત્યે અમારી વિજ્ઞપ્તિ ઊભી જ છે. તેઓ માસિકને પોતાના વિદ્વત્તાભર્યા લેખોથી જે રીતે સમૃદ્ધ કરે છે તે માટે માસિક તેઓનું ઋણી છે.

જગતમાં સર્વત્ર અશાંતિ વર્તે છે, મોંઘવારી અને તેને પરિણામે ભૂખમરો પણ અસહ્ય થતો જાય છે. આ અશાંતિમાંથી બચવાનો એક જ માર્ગ છે. જે માર્ગ શ્રી મહાવીરપ્રભુ જેવા તીર્થંકરોએ અને મહાત્માજી જેવા રાજનીતિજ્ઞોએ બતાવ્યો છે. સર્વ જીવો પ્રત્યે સમભાવ અને સંતોષવૃત્તિ અર્થાત્ અહિંસા વૃત્તિ અને અપરિગ્રહભાવ એ જ હાલના ભયંકર રોગમાંથી બચવાના સાચા ઉપાય છે.

વડાપ્રધાન પંડિત શ્રી જવાહીરલાલે થોડા જ દિવસ પહેલાં તેમની અમેરિકાની મુસાફરી દરમ્યાન ભાષણમાં જણાવ્યું છે કે-બધા માનવીઓ સરખા છે, ઇશ્વરે બધાને જીવવાના સરખા હક્કો આપ્યા છે. દરેક માનવીને જીવવાનો, સ્વતંત્રતાનો અને સુખ પ્રાપ્ત કરવાનો સરખો હક્ક છે. તે નિયમ ઉપર બંધાયેલ રાજ્ય-બંધારણ જ કાયમ ટકી શકે છે. ભૌતિક સંપત્તિ ગમે તેટલી વધે પણ જો નીતિ અને ધર્મના નિયમો તેના પાયામાં ન હોય તો તે સમાજ કે રાષ્ટ્ર ચિરંસ્થાયી થઇ શકતું નથી.

ॐ शांति !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચમાં પુરુષાર્થની પ્રધાનતા

( લેખકઃ—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી. )

કર્મ અને પુરુષાર્થ એ બેમાં કોણ પ્રબલ છે ? એ એક એવો પ્રશ્ન છે કે જેનો એકપક્ષી ઉત્તર, ઉત્તર આપનારના હૃદયમાં પણ ચિરંજીવ રહેતો નથી. તેમાં કારણ એ છે કે બન્ને પોત–પોતાના કેન્દ્રમાં પૂરા બળવાળા છે, એટલે કોઇક વાર કર્મનું બળ વધી જાય છે તો કોઇ વાર પુરુષાર્થનું બળ વધી જાય છે. એ એક વાસ્તવ હકીકત છતાં એક રીતે પુરુષાર્થની પ્રધાનતા છે એ પણ સમજવા જેવી વાત છે. ઉન્નતિ અને અવનતિ, ઉદય કે અસ્ત, વિકાસ કે હ્રાસ કર્માનુસાર થાય છે. ભાગ્યવશ માણુસની ચડતીપડતી થાય છે વગેરે આપણે ઘણીવાર સાંભળીએ છીએ ને તે સર્વથા ખોટું છે એમ પણ ન કહેવાય. પણ ઊર્ધ્વગમન યા અધઃપતનમાં કર્મ કર્તા નથી.

વિશ્વમાં વિકાસના અને અધઃપાતના સાધનો સર્વ સ્થળે છે. કર્મ તે તે સાધનોનો સમાગમ કરાવીને ખસી જાય છે–દૂર રહે છે–જોયા કરે છે. કર્મ આત્માને નીસરણી પાસે લાવીને મૂકે છે. ચડવું ન ચડવું તે આત્માની મુનસફી ઉપર છે. કર્મ જીવને ખાડાની નજીક લઇ જાય છે. ખાડામાં પડવું ન પડવું તે જીવની જેવી મરજી. કર્મ બળાત્કારે ચડાવતું નથી અને પાડતું પણ નથી.

ચડવા પડવાનું બળાબળ પણ કર્માધીન છે એમ માનીએ તો પણ તે બળાબળને ફેરવવાનું તો આત્માધીન છે. આત્માની ઇચ્છા વગર સાધનોનો ઉપયોગ થઇ શકતો નથી.

**विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः ।**

વિકારના કારણો છતાં જેમનાં મન વિકારને પામતા નથી તે જ ધીર પુરુષો છે, તેમાં ધીર પુરુષોને કર્મવશ વિકારના સાધનો તો મળે છે, ને તે સાધનોનો ઉપયોગ કરવાનું પણ તેઓમાં પૂર્ણ બળ હોય છે પણ તેઓ પોતાના સામર્થ્યથી તેવા અભિલાષો થવા દેતા નથી. અભિલાષને કાબૂમાં રાખવાનું સામર્થ્ય કાંઇ કર્મથી આવતું નથી. તે તો આત્માની સ્વયંભૂ શક્તિ છે.

ઉપરની હકીકતને માટે આપણે એક બે દૃષ્ટાન્ત જોઇએ.

એક પવિત્ર માણુસ છે. તે એવી સ્થિતિમાં રહે છે કે જે સ્થિતિ તેની પવિત્રતાને સુરક્ષિત રાખે છે. છતાં કર્મવશ કોઇ પ્રસંગે તે એવી સ્થિતિમાં આવી પડે છે જે સ્થિતિમાં તેની પવિત્રતાનું રક્ષણ થવું દુઃશકય છે. એવી સ્થિતિમાં પણ આત્મબળવાળો માણુસ પોતાની પવિત્રતાને ગમે તે ભોગે સુરક્ષિત રાખી શકે છે. આવી સ્થિતિમાં જીવન ત્યાગ કરતાં સંતો અને સતીઓના વૃત્તાન્તો આ જ વાતને પુષ્ટ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી બાજુ નિર્બળ આત્માઓ સહજ પણ પ્રલોભનના સાધનો પ્રાપ્ત થતાં તેને વશ થઇને ઘણા કાળનું સાચવેલું પોતાનું પાવિત્ર્ય મલિન કરે છે.

સંયોગવશ પડી ગએલા મુનિઓ–મહાત્માઓ પણ આ તાત્વિક દૃષ્ટિએ અધૂરા આત્મબળવાળા હતા એમ છાતી ઠોકીને કહી શકાય, તેમને ભોગાવલી કર્મનો ઉદય હતો તેની ના નહિં પણ તે ભોગાવલી કર્મ કરતાં પણ અતિ ભયંકર કર્મોને તે જ આત્માઓએ આત્મબળ વધતાં જોત–જોતામાં બાળીને ભસ્મ કરી નાખ્યા છે.

હીન પુરુષાર્થવાળા આત્માઓ વાત વાતમાં કર્મને ઓઠા તરીકે આડે ધરે છે, ને એ રીતે પોતે જાતે જ પોતાના વિકાસને અવરોધી રાખે છે.

વહેલા કે મોડા પોતાના વિકાસને ઇચ્છનારે પુરુષાર્થ ફોરવ્યા સિવાય છૂટકો જ નથી.

આ જ યુક્તિથી સ્વભાવ, કાળનો પરિપાક અને ભવિતવ્યતા પણ પોત–પોતાની સ્થિતિ રજૂ કરીને ખસી જાય છે. તે રજૂ થએલી સ્થિતિને અનુસરવાનું આત્માના પોતાના પુરુષાર્થ ઉપર છે. એટલે પોતાને થતી લાભહાનિ માટે અન્યને જવાબદાર ગણવાની રખેને કોઇ ભૂલ કરે. જ્યાં સુધી એ ભૂલ આ આત્મા ચાલુ રાખશે ત્યાં સુધી તે લાભ–હાનિના ચક્રમાંથી મુક્ત થવાનો નથી. અને જ્યારે એ સમજતો થશે કે મારા લાભહાનિ મારે આધીન છે ત્યારે તેનું તે ચક્ર છૂટી જશે.

**પુરુષાર્થ–પ્રબલ પુરુષાર્થ એ પરમપદ પામવાનું પ્રથમ સાધન છે.**

૦૦

***નોટ**—જૈન શાસ્ત્રમાં કાળ, નિયતિ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થને જગત–વ્યવસ્થાના પાંચ મુખ્ય કારણો બતાવ્યા છે. મહારાજશ્રી ધુરન્ધરવિજયજીના આ લેખમાં પાંચમા પુરુષાર્થને આ પાંચ કારણોમાં મુખ્ય સ્થાન શા માટે મળવું જોઇએ તે બતાવેલ છે. આપણે ઘણીવાર આત્માની અનંત શક્તિને સમજ્યા વિના કર્મને પ્રધાનતા આપીએ છીએ. અમે અમારા કર્મવાદના લેખમાં આ સંબંધમાં ચોખવટ કરી છે. જુઓ શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુસ્તક ૬૪, પા. ૨૩૬–૨૩૮. વળી આ અંકમાં પ્રસિદ્ધ લેખક અને ચિંતક કાકા કાલેલકરનો 'યુગદર્શન'માં પ્રસિદ્ધ થયેલ પુનર્જન્મના લેખનો ઉપયોગી ભાગ આપવામાં આવ્યો છે. કર્મના કારણને વિશેષતા આપવાથી માણસમાં કેવું બૌદ્ધિક આળસ આવે છે, ન્યાય અને નીતિના ક્ષેત્રમાં કેટલી વિકૃતિ આવે છે વિગેરે હકીકતો આ લેખમાં સચોટ બતાવેલ છે, જે સુજ્ઞ વાંચકોએ વાંચવાની અને વિચારવાની અત્યંત જરૂર છે. ( જી. ઓ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુનર્જન્મની ઉપયોગિતા

[ શ્રી 'યુગદર્શન' માસિકના પહેલા અંકમાં પુનર્જન્મની ઉપયોગિતા ઉપર એક મનનીય લેખ શ્રી કાકાસાહેબ કાલેલકરે લખ્યો છે. તેનો અગત્યનો ભાગ અહીં સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. કર્મના નિયમને વગર સમજ્યે જે અગ્રસ્થાન વ્યવહારમાં આપવામાં આવે છે, તે સાથે આ લેખમાં આપણને ઘણું જાણવાનું મળે છે. ]

આપણા દેશના લોકોમાં પુનર્જન્મ ઉપરનો વિશ્વાસ એટલો બધો ઊંડો છે કે એ વિષે કોઈના મનમાં શંકા હોઈ જ શી રીતે શકે એમ લોકો પૂછે છે. પુનર્જન્મ છે જ એમ સિદ્ધ કરવા માટે આપણી પાસે પુરાવો નથી. પુનર્જન્મ નથી એમ પણ સિદ્ધ કરવું અઘરું છે. માણસને મૃત્યુનું નિત્ય દર્શન થાય છે. જેટલા જન્મે છે તે બધા મરતા આવ્યા છે. એમાં એકે અપવાદ નથી એ અનુભવની વાત છે અને છતાં જીવન–સાતત્ય ઉપરની માણસની શ્રદ્ધા મોળી પડતી નથી.

જીવન–સાતત્ય વિષેની માણસની આ શ્રદ્ધાને કારણે જ એને પુનર્જન્મ ઉપર વિશ્વાસ રાખવાની ઇચ્છા થાય છે. પુનર્જન્મ હોવો જ જોઈએ. પુનર્જન્મની કલ્પના લઈને ચાલીએ તો જ આપણને એક જાતની અમરતા મળી શકશે એમ માણસને થાય છે. **પુનર્જન્મની કલ્પનાને આધારે જ કાર્યકારણભાવ અને કર્મનો સિદ્ધાન્ત આપણે સિદ્ધ કરી શકીએ છીએ.** આ પણ એક સગવડ છે અને એક વાર પુનર્જન્મ ઉપર વિશ્વાસ બેસી ગયો એટલે બીજું કશું હોઈ જ ન શકે એમ માણસને લાગવા માંડે છે. સત્યની એક વ્યાખ્યા એ છે કે એથી વિરુદ્ધ વસ્તુ ગળે ઉતરી જ ન શકે inooneeivability of the opposite.

એટલું તો ખરું જ કે જીવનને અંગેની કેટલીક વસ્તુઓ પુનર્જન્મની કલ્પનાને આધારે જેમ બંધ બેસે છે તેમ બીજી રીતે બંધ નથી બેસતી. ટૂંકામાં કહીએ તો પુનર્જન્મની કલ્પના આપણી મનોરચનાને બધી રીતે અનુકૂળ છે અને તેથી એ કલ્પના સ્વીકારતાં આપણને કશો જ વાંધો આવતો નથી.

× × ×

આટલું લખ્યું એ ઉપરથી કોઈ એમ ન માને કે પુનર્જન્મ નથી એમ હું સિદ્ધ કરવાને તૈયાર થયો છું. મને પણ પુનર્જન્મ ઉપર વિશ્વાસ રાખવાની ટેવ છે. પુનર્જન્મ છે એમ માનીને ચાલવામાં જ હું માનું છું. પુનર્જન્મ હોઈ શકે એટલું તો મારું મન હંમેશાં કબૂલ રાખે જ છે. પુનર્જન્મની કલ્પના તર્કને વિરોધી નથી. ઘણી રીતે અનુકૂળ છે એ હું સ્વીકારું છું અને તેથી આજે પુનર્જન્મ છે અથવા નથી એમાંથી એકે વસ્તુ હું સિદ્ધ કરવા માગતો નથી. પુનર્જન્મ હોઈ શકે છે એમ માનીને જ હું ચાલવા માગું છું. પુનર્જન્મ છે એમ માનવાથી આપણા જીવન ઉપર શી શી અસર થાય છે એટલું જ આજે મારે જોવું છે.

આત્મા છે અને તે અમર છે એ માન્યતા મુખ્ય છે. એમાંથી જ આપણે પુનર્જન્મની કલ્પના ઘટાવીએ છીએ. આત્મા છે અને શરીર મરતા છતાં એને માટે મરણ નથી એટલું સ્વીકાર્યા પછી પુનર્જન્મ ઉપર આવવું જ પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જ્યારે શરીર ધારણ કરે છે ત્યારે તે જીવાત્મા બને છે. અથવા એમ પણ કહી શકાય કે આત્મા જ્યારે જીવદશા પર આવે છે ત્યારે એને દેહ ધારણ કરવો પડે છે. જે દેહધારી થયો તેને મરણ તો છે જ. એ મરણ ફક્ત શરીરને જ છે. શરીર સાથેની ઉત્કટ સ્મૃતિને પણ મરણ હશે પણ જીવને મરણ નથી એટલું સ્વીકાર્યા પછી અને જિંદગી દરમિયાન મેળવેલું જ્ઞાન, ખેડેલા અનુભવો અને કેળવેલા સંસ્કારો નષ્ટ થાય નહિ એવી શ્રદ્ધાને વશ થયા પછી પુનર્જન્મ ઉપર આવ્યા વગર છૂટકો જ નથી.

પુનર્જન્મ ઉપર વિશ્વાસ રાખવાથી બે વસ્તુ સહેલી થાય છે. જગતમાં જ્યાં ત્યાં અન્યાય છે એવો અનુભવ આપણને અકળાવે છે. મોડે વહેલો પણ ન્યાય મળવાનો જ છે એ વિશ્વાસને કંઇ આધાર મળતો નથી. એવે વખતે પુનર્જન્મની કલ્પના આપણને ઘણી મદદગાર નીવડી છે. આ ભવે જે ન બન્યું તે આવતે ભવે બનવાનું જ છે એમ મનને મનાવતાં મુશ્કેલી નથી આવતી.

મૃત્યુનો સામનો કરવામાં પણ પુનર્જન્મની કલ્પના અનેક રીતે મદદગાર થાય છે. બીજી બાજુ એ કલ્પના આપણને કોઇપણ રીતે નડનારરૂપ છે જ નહી તેથી જ લોકો પુનર્જન્મ છે એ કલ્પનાને આટલી સહેલાઇથી અને આતુરતાથી સ્વીકારી લે છે.

પુનર્જન્મની કલ્પના આપણને ક્યાં નડે છે એ હવે આપણે જોઇશું.

× × ×

અમે તે વસ્તુનો કાર્યકારણભાવ સિદ્ધ કરવા માટે પુનર્જન્મની નિર્વિવાદ અને બિનતોડ દલીલ હાથમાં આવ્યા પછી માણસ બીજાં કારણો શોધવા બેસે જ શા માટે? આમ નશીબ અને પુનર્જન્મ( આમાં પૂર્વભવ આવી જાય છે )ની દલીલ હાથમાં આવ્યા પછી લોકોમાં અસાધારણ બૌદ્ધિક આળસ્ય આવી જાય છે. જે માનસશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર બધાની જ પ્રગતિને રોકે છે અને એ ત્રણેમાં વિકૃતિ આણે છે. આમ નસીબ અને જન્માંતરની દલીલથી બુઠ્ઠી અને વિકૃત થયેલી બુદ્ધિ ભૌતિક પદાર્થવિજ્ઞાનશાસ્ત્રમાં પણ બુઠ્ઠી થઇ જાય છે અને સારી સારી શોધખોળ કરવાની તકો ગુમાવે છે.

જન્માન્તરની દલીલથી ટેવાયેલા લોકો ન્યાય, નીતિ અને સદાચારના ક્ષેત્રમાં પણ સાવ બુઠ્ઠા અને વિકૃત થઇ જાય છે, આના દાખલા આપણા પુરાણોમાં ઢગલાબંધ મળી શકે છે. સમાજ જીવનને કોરી ખાનારો ખરાબમાં ખરાબ ગુનો હોય તો તે વ્યભિચાર છે. એને માટે પણ પાછલા ભવના સંબંધનો ટેકો આપી બચાવ કરનારા પૌરાણિકો આપણે ત્યાં પડ્યા છે.

**માણસ અપથ્ય કરીને માંદો પડે અને કોઈ પૂછે ત્યારે પૂર્વભવના પાપની ઢાલ આગળ કરે.** પરીક્ષામાં નાપાસ થયા પછી પોતાનું ભણતર કાચું હતું એનો સ્વીકાર કરવાને બદલે જોયેલા કે ન જોયેલા અદૃષ્ટ દૈવનો વાંક કાઢે એ આ જ વૃત્તિનો નમૂનો છે અને એ વૃત્તિ દૃઢ થઇ એટલે ભણવાને બદલે પૂર્વભવના પાપનો પરિહાર કરવા માટે બાર બાર વરસ સુધી માણસ જાપ કરવા માંડે છે.

માણસ ઉપર તેમજ ગરીબ જનતા ઉપર થતો અન્યાય જોઇને ઉકળી ઉઠવાને અને મદદે દોડવાને બદલે અને પ્રસંગ પડ્યે પુરુષાર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલમયી દીપોત્સવી.

લેખકઃ—સાહિત્યચંદ્ર શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ.

આસરે પચીસસો વર્ષ પહેલા પ્રભુ મહાવીરે પોતાનો પાર્થિવ દેહ વિસર્જન કરવાનો પ્રસંગ નજીક આવ્યો છે એ જાણ્યું. પંચમહાભૂતથી નિર્માણ થએલ ઔદારિક દેહનો વધારેમાં વધારે ઉપયોગ કરવાનું કાર્ય સંકેલી લેવાનો વખત આવ્યો છે એમ અનુભવ્યું. પોતાના અનુચરો, ભકતો અને આશ્રિતોને પોતાનું પરાક્રમ ફોરવવાનો અવસર આવ્યો છે એમ જાણ્યું. પરાવલંબિત્વ એ એક જાતનું પામરપણું છે એમ પોતાના અનુચરોને અનુભવ થાય એવો ઉપદેશ પોતાના દેહવિલય વિના નહીં થઇ શકે એમ વિચાર્યું. દરેક આત્મા સ્વતંત્ર છે. પોતાના માર્ગે જ એને જવાનું છે. પોતાનો તારક પોતે જ બની શકે છે. બીજો કોઈ કોઇને તારી શકતો નથી એ નક્કર સત્ય દરેક ભાવિકના મનમાં ઠસાવવા માટે જ જાણે એમણે બધા કર્મો સાથે સ્વદેહનું કાર્ય પણ પૂર્ણ થયું જાણ્યું. અને જગતને જે કંઇ દેવાનું હતું તેની પૂર્ણાહુતિ કરી, જીવમાત્ર એક જ સ્વતંત્ર છે, એનું કોઇ સગું નથી, પોત-પોતાના કર્મોનો પોતે જ કર્તા અને ભોકતા છે. એવો ઉપદેશ જ જાણે આપતા હોય એવો

---

પૂર્વક પોતાનું બલિદાન આપવાને બદલે લોકો ગરીબોના પૂર્વ ભવનો વાંક કાઢે છે અને જે થાય છે તે યથાયોગ્ય છે એમ માની અથવા કહી સંતોષ લેવે છે. અન્યાય, અત્યાચાર, અકસ્માત સંકટ એવી કોઇપણ વસ્તુ નથી કે જેને માટે પૂર્વભવની વાત છેડીને માણસ પોતાની કર્તવ્ય–બુદ્ધિને ગુંગળાવી ન શકે. મા-બાપ લોભને વશ થઇને પોતાની કુમળી દીકરીને કોઇ ડોસા સાથે પરણાવે અને લોકો વાંધો ઉઠાવે ત્યારે કહે કે 'એના નસીબમાં હશે તો આ પતિ જોડે પણ ઘણું સુખ ભોગવશે' અને જો અપેક્ષા પ્રમાણે વિધવા થાય તો ફરી પૂર્વભવના પાપ અને દૈવ મદદમાં હાજર છે જ.

એ જ વસ્તુ આપણે બીજા શબ્દોમાં કહીએ છીએ કે માયા છે. **આમ માયા, દૈવ, પૂર્વભવ વગેરે વસ્તુઓ આપણી શોધ થાકયાનો, અટકયાનો એકરાર કરે છે એટલો જ અર્થ લઇએ તો વાંધો નથી.** પણ એ અર્થ ઉપરાંત બીજી ખાસ વસ્તુ આપણે જાણતા હોઇએ એમ એમાંથી વધારે અર્થ કાઢવા જઇએ તો તે આપણી સત્યનિષ્ઠાને ઝાંખપ આણ્યા વગર રહે નહિ. કોઇપણ વસ્તુનું સ્થૂળ કે સૂક્ષ્મ કારણ શોધતા આ ભવના જ આપણા ગુણદોષો, આપણા કરતૂત અને આપણા સંજોગો પહેલા તપાસવા જોઇએ. સામાજિક પરિસ્થિતિની અસર કયાં અને કેટલી છે એ શોધી કાઢવું જોઇએ. આટલું કર્યા છતાં કોઇ ઘટનાની ઉત્પત્તિ ન જડે તો માબાપ તરફથી મળેલા સંસ્કારો અને વંશપરંપરાગત મળેલી સ્વભાવની ખૂબીઓ અથવા એની મર્યાદાઓ શોધવી જોઇએ જે વસ્તુનો કાર્યકારણભાવ આ ભવમાંથી જ મેળવી શકાય તે પહેલો મેળવવો જોઇએ **આમ શોધની તમામ દિશાઓ વાપરી જોયા પછી કાંઇ બાકી રહે તો માણસ કહી શકે કે વખતે પૂર્વ ભવની કોઇ ઘટનાની અસર અહિં કામ કરતી હશે.** (ઉધ્ધૃત)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે પ્રભુએ વિદાય લીધી. એમના પરમોપાસક ઇંદ્રભૂતિ ગૌતમનો સ્વભાવ એઓ પોતે જાણતા હતા. એના હળવા મનની એમને કલ્પના હતી. અણીના વખતે કદાચ એ પોતાનું સમતોલપણું ગુમાવી બેસે એમ એમને લાગ્યું હશે. દેહથી વિમુક્ત થવાનો પ્રસંગ એનાથી સહન નહીં થાય અને ઢુંકડો આવેલો સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થવાનો પ્રસંગ કદાચ લંબાઈ જાય એવું જાણી પ્રભુએ એ અનન્ય ભક્તને એકત્વ અને અન્યત્વની ભાવનાનો સાક્ષાત્કાર કરાવી આપવા માટે જ કેવળ કરુણા બુદ્ધિથી દેવશર્મા બ્રાહ્મણને ઉપદેશવા તેને મોકલી આપ્યા હોય. ગૌતમ ગણધરની ગેરહાજરીમાં પ્રભુએ અંતિમ દેશના આપવાનું યોગ્ય ધાર્યું હોય એમ જણાય છે.

અનેક ગણતંત્ર ચલાવનારા ભૂપાલો તેમજ શાસન ચલાવનારા રાજપ્રમુખો તેમજ ગણનાયકોને એકત્ર થઇ આવવા સૂચન કર્યું. કાંઇક અસાધારણ ઘટનાની બધાઓને કલ્પના આવી ગઇ. લોકો ખીચોખીચ ભરાઇ ગયા. જાણે અમૂલ્ય મણિ મુક્તાફળોની વૃષ્ટિ થવાની બધાઓની ખાત્રી હોય. તેમાંનું રખેને એકાદ રત્ન પણ આપણે ગુમાવી દઇએ તે માટે કાન અને આંખો તદ્દન ઉઘાડી દીધા. પાંપણની સ્વાભાવિક હિલચાલ પણ તેમને કડવી લાગી. શ્વાસ લેવા માટે પણ વખત ગુમાવવો પોતાને માટે નુકસાન જેવો લાગ્યો. બધી ઇંદ્રિયોની શક્તિ એકત્રિત કરી હોય એમ જણાવવા માંડયું. એકાદ સોય પડી જાય તો પણ તેનો ધ્વનિ સંભળાઇ જાય એવી નિતાંત શાંતિ પથરાઈ. કાનથી પ્રભુમુખમાંથી ઝરતા દરેક અમૃતબિંદુ ઝીલવા બધા તત્પર થયા. પ્રભુશ્રીએ યોગ્ય સમય અને યોગ્ય પાત્ર જાણી છેલ્લી સોળ પહોર એટલે સતત બે દિવસ અહોરાત્ર ઉપદેશામૃતની ધારા વરસાવી. એમણે જે કાર્ય માટે જગતના વૈભવોનો ત્યાગ કર્યો હતો અને બાર બાર વર્ષ સુધી જે વિચાર સાધના કરી અંતિમ સત્યની શોધ કરી હતી. અને જે સત્યની સુગંધ ત્રીસ વરસો સુધી જગતમાં ફેલાવી હતી, જગત અનાત્મભાવનામાં ગરકાવ થએલું તેને જાગૃત કરી સત્યનો માર્ગ અજવાળ્યો હતો, દીન અનાથ અસમર્થ જીવોને જે માર્ગે આશ્વાસન આપેલું હતું. દલિત અને ઘૃણિત જીવ માત્રને આશ્વાસન મેળવી આપી તેમની ઉન્નતિનો માર્ગ બતાવી આપેલો હતો--એ બધા ઉપદેશને અને જ્ઞાનગંગાને એકત્રિત કરી બધાનો સમુચ્ચિત અર્થ શું છે ? બધી સાધના અને જ્ઞાનનો ઉદ્દેશ શું છે? એનો નિચોડ કાઢી એકી સાથે બધાઓ આગળ પિરસવાનો પ્રભુનો ઉદ્દેશ જણાયો હતો.

પ્રભુએ માનવ દેહની સાર્થકતા, તેનો ઉદ્દેશ અને તેનો ઉપયોગ સમજાવી ગમે તેવા પતિત માનવ માટે ઉન્નતિ પથમાં સરખો જ હક અર્પ્યો હતો. આત્મસાધનાનો અને જ્ઞાન મેળવવાનો માર્ગ બધા માનવો માટે ખુલ્લો મૂકયો હતો. સ્ત્રીઓ માટે સંપૂર્ણ જ્ઞાનની પરબ ખુલ્લી મૂકી દીધી હતી. વિદ્વદ્ભોગ્ય જ્ઞાનને લોકભાષામાં મૂકી એ જ્ઞાનગંગાનો રસાસ્વાદ ખુલ્લો મૂકી દીધો હતો. મતલબ કે સમાનતા કેળવવા માટે કટિબદ્ધ થવાનું બધાઓને સૂચન કર્યું હતું. પુણ્યયોગે પોતાને પ્રાપ્ત થએલ આર્થિક, શારીરિક જ્ઞાન વિષયક વિગેરે સમૃદ્ધિનો તેથી વંચિત રહેલા જીવો માટે ખુલ્લો ઉપયોગ કરી દેવાનો તેમણે સદુપદેશ આપ્યો હતો. મતલબ કે દ્રવ્ય ધરાવનારાઓએ પોતાના દ્રવ્યનું દાન કરી ગરીબોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ ટાળવું જોઇએ. પોતાની શક્તિથી દુર્બલોને મદદ પહોંચાડવી જોઇએ. પોતાના જ્ઞાનનો અજ્ઞાનીઓ માટે ઉપયોગ ખુલ્લો મૂકવો જોઇએ. અને એવી રીતે દાનનિર્મિતીથી જગતમાં સમાનતા જાળવી 'જીવો અને જીવવા દો'નો નિયમ પ્રચલિત કરવો જોઇએ એવી ઉપદેશ-ધારા વહાવી હતી.

દયા અને અહિંસાનું ક્ષેત્ર અત્યંત ઉચ્ચ શ્રેણીમાં તેમણે મૂકી દીધું હતું. કીડીથી કુંજર, એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના બધા જીવોને પોતાના અહિંસા તત્ત્વમાં સમાવી દીધેલા હતા. કોઇપણ જીવનો જીવવાનો હક્ક હરણ કરવાનો કોઇને અધિકાર નથી. એટલું જ નહીં પણ બીજાના જીવને બચાવવા માટે પોતાના પ્રાણ અર્પણ કરવાનો પ્રસંગ આવે તો પણ દરેકે તૈયાર રહેવું જોઇએ એવો નિરપવાદ ઉપદેશ તેમણે પ્રરૂપેલો હતો. દેહદમન કે તપશ્ચર્યાનું મહત્ત્વ તેમણે સચોટ સમજાવ્યું હતું. સ્વચ્છંદે ચાલનારી ઇંદ્રિયોને કાબૂમાં રાખી આત્માને ઉન્નતિ માર્ગે દોરવાનું તપમાં કેટલું સામર્થ્ય છે એ સ્વાનુભવથી તેમણે જગત આગળ બોધપાઠરૂપે મૂક્યું હતું.

જગતમાં માનવરૂપે જન્મી આવેલી તકનો પૂરેપૂરો લાભ મેળવી પુરુષાર્થ કરી છૂટવો જોઇએ એવો એમના ઉપદેશનો હેતુ હતો. ધર્મ, અર્થ અને કામ એ પુરુષાર્થો છે. અને મોક્ષ નામનો પુરુષાર્થ તેના ફલરૂપ છે. ધ્યેય આગળ રાખી અર્થાત્ આપણું ધ્યેયબિંદુ મોક્ષસાધનનું છે એ ધ્યાનમાં રાખી ત્રણે પુરુષાર્થો સાધવાના છે. એ ત્રણ પુરુષાર્થોમાં પણ ધર્મ મુખ્ય પુરુષાર્થ છે. કારણ અર્થ અને કામ જો ધર્મવિહિત નહીં હોય, અધર્મથી મેળવેલ હશે તો તેનો ઉપયોગ ઊલટો જ થવાનો–અર્થ અને કામ પણ ધર્મવિહિત જ હોવા જોઇએ. ખરું જોતા અર્થ અને કામની પ્રાપ્તિ તો ધર્મ પુરુષાર્થ વિના થવાની નથી. જ્યારે અર્થ અને કામ એ ધર્મ પુરુષાર્થના ફલરૂપ છે ત્યારે ધર્મ પુરુષાર્થ જ મુખ્ય ગણાવો જોઇએ. પ્રભુએ એ મુજબ અનેક મુદ્દાઓ ઉપર સારરૂપે અખંડ ધારાથી ઉપદેશામૃતનો વરસાદ વરસાવ્યો. બધા એકતાનતાપૂર્વક પ્રભુનો દરેક શબ્દ ઝીલતા હતા. દરેક વ્યક્તિએ પોતાના ક્ષયોપશમ મુજબ તે ઉપદેશનો નિચોડ ગ્રહણ કર્યો. પ્રભુ ધીમે ધીમે આસો વદિ અમાવાસ્યાની રાત્રીએ પોતાના ઉપદેશનો ઉપસંહાર કરતા હતા. રાત્રી પોતાનો કાળો વેશ ધારણ કરી બેઠી હતી. ચંદ્ર સૂર્યનો અભાવ હતો. પ્રકાશ જાણે દેશાંતરે ગયો હતો. મંદ પ્રકાશ આપતા આગીયાની પેઠે ક્વચિત્ તારાઓ તગતગતા હતા. કૃમિકીટકો મંદસ્વરે કરુણ સ્વરે કળકળાટ કરી રહેલા હતા. ત્યારે પ્રભુએ પદ્માસન અવસ્થામાં છેલ્લો શ્વાસ લીધો! એકદમ શોકની છાયા પથરાઇ! બધાઓ દિગ્મૂઢ થઇ ગયા. આ શું થયું? એમ વિચારતા શૂન્ય હૃદયે હવે શું કરાય એવા વિચારથી પરસ્પરના મુખાવલોકન કરવા લાગ્યા!

આકાશમાં દેવદુંદુભી વાગવા માંડી. દેવતાઓ પ્રભુનો નિર્વાણ મહોત્સવ કરવા માંડ્યા. લોકો એ સાંભળતાં કાંઇક ભાન ઉપર આવ્યા. પ્રસંગનું એમને ભાન થયું. સંસારનું ક્ષણભંગુરપણું તેમને પ્રત્યક્ષ જણાયું. દેહ, પછી તે તીર્થંકરોનો હોય પણ તેનું ક્ષણભંગુર-પણું સિદ્ધ થવામાં જરાયે વાર ન લાગી. શરીરદ્વારા કાર્ય કરતો આત્મા નિકળી પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમોચ્ચસ્થાને અર્થાત્ પરમાત્મપદે વિરાજમાન થયો. હવે દેહ સાથે તેને કાંઇપણ સંબંધ રહ્યો નહીં. દેહ તો પંચમહાભૂતો પાસેથી શુભ પુદ્‌ગલો મેળવી બનેલો હતો તે પોતાને માર્ગે જવા માંડયા !

લોકોએ જાણ્યું કે જગતમાં પ્રાણ અર્પણ કરનારો પરમાત્માનો આપણામાંથી અસ્ત થયો છે. ભાવ ઉદ્યોત તો હવે જતો રહ્યો છે. આપણું આશ્વાસન અને વિશ્રામસ્થાન જતું રહ્યું છે. આપણા આત્માનો રાજા તો કયારનોએ સિધાવી ગયો છે. એમ જાણતાં બધાઓએ સ્થિરતા ધારણ કરી. પ્રસંગનું ગંભીરપણું જાણી તે દુઃખદાયક છતા પણ અત્યંત પુણ્યપાવન પ્રસંગને છાજે એવું ધૈર્ય અને શાંતિ ધારણ કરી ઘેર ઘેર એ પરમાત્માના સ્મરણાર્થે અમાવાસ્યાની રાત્રી છતા દીવાઓ પ્રગટાવી એ અંધઃકાર સાથે સામનો કરવાનું લોકોએ ઠરાવ્યું. પ્રસંગ આવતા ધૈર્ય ગુમાવવું એ પ્રભુના ઉપદેશથી વિરૂદ્ધ છે એમ લોકોએ જાણ્યું. આખી અપાપા નગરી ઝળહળી ઉઠી. દરેક શેરી, દરેક માર્ગ, દરેક ચોક એટલું જ નહીં પણ દરેક ઘરે દીપકોનો શણગાર ધારણ કર્યો. ભવ્ય પ્રસંગની ભવ્ય ઉજવણી થઇ રહી. આખું શહેર અમાવાસ્યાની રાત્રી છતાં જાગતું રહ્યું. આખા શહેરમાં પ્રભુના ગુણગાનની ધૂન મચી. નાના બાળકોથી તે વૃદ્ધ બધા નરનારીગણ પ્રભુના જય જયારવ કરવા માંડ્યા. નિદ્રાદેવીએ જાણે ત્યાંથી વિદાય લીધી હોય એમ બધા પ્રસંગોચિત સાવધાનતા મેળવી પ્રભુના ઔર્ધ્વદેહિક કાર્ય માટે ગંભીરતાથી વિચાર કરવા માંડ્યા.

દિવસ ઊગતા પહેલા તો આસપાસના ગામોમાં એ ખબર વાયુ વેગે ફેલાઇ ચૂકી. પ્રભુના ઉપકાર તો તે પુણ્ય પ્રદેશમાં દરેક વ્યક્તિ ઉપર થએલા જ હતા. નરનારીના ટોળાઓ પ્રભુ મહાવીરના દેહના છેલ્લા દર્શન કરવા તલસી રહેલા હતા. જોતજોતામાં હજારોની માનવ મેદની ત્યાં મળી ગઇ હતી. પ્રભુના ભજનમાં લોકો ગરકાવ થઇ ગએલા હતા. દરેક માનવ હૃદયમાં શોકની લાગણી છતાં બધે મહોત્સવ થઇ રહ્યો હતો. એને જ લોકો દીપોત્સવી અગર દીવાળી કહેવા લાગ્યા. એ પુણ્ય સ્મરણ આપણે દર વરસે દીવાઓ દ્વારા મહોત્સવ કરી ઉજવીએ છીએ. આવા મહાન્ શુભ પ્રસંગે પ્રભુ મહાવીરના ચરિત્રનું ફરી આપણે રટણ કરી એ મહાન પુરુષના ઉપદેશામૃતનું યથેચ્છ પાન કરીએ તે ઉચિત છે.

## ભક્તિ ગીત

પાલણે ઝુલત પ્રભુ વીર જિણંદા, ઝુલણા ઝુલાવે શ્રી ત્રિશલા મૈયા. પાલણે૰ ૧
રત્નકનકમય પારણું સોહે, મંગલ ગાવે સબ દેવ દેવૈયાં. પાલણે૰ ૨
મોર મેના ઔર પુતળી જડિંદા, ગીત ગાવત તિહાં કિન્નર ગવૈયાં. પાલણે૰ ૩
ત્રણ જ્ઞાન કે ધારી જિનવર, જગ માયામેં નાહિ નચૈયાં. પાલણે૰ ૪
ભર યૌવનમેં સંજમ પાયે, રમા રમણીકા સ્નેહ હરૈયાં. પાલણે૰ ૫
આત્મ કમલમેં લબ્ધિ ધ્યાવે, ધન્ય હો જિનવર શિવ વસૈયાં. પાલણે૰ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો.

## વૈશાલીનો શેઠ (૪)

( લેખક—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. )

**ભાવના ભવનાશિની.**

મધ્યાહ્ન થવા આવતાં શ્રમણશ્રેષ્ઠ વર્ધમાનસ્વામી ઉપવનમાંથી નીકળી વૈશાલીના દરવાજા નજિક આવ્યા.

ત્યાં તો દ્વારપાળ રણસિંહજી એકાએક ભગવંતના ચરણમાં પડી દંડવત્ પ્રણામ કરી રહ્યો અને નત મસ્તકે બોલ્યો–

શ્રેષ્ઠિવર જીરણે જેવું આપશ્રીનું વર્ણન કર્યું હતું તેવા જ આપ સાચા અવતારી પુરુષ છો. આપના દર્શનથી મારું જીવિત સફળ થયું. પધારો સ્વામી, આ સીધો માર્ગ જીરણ-શેઠના ઘર તરફ જાય છે. રક્તરંગી મકાનની પડખેથી ડાબા હાથે જે માર્ગ ફૂટે છે એ જ પોળમાં સામેનું મકાન. શેઠજી તો પોળના નાકે આપ સાહેબની વાટ જોતાં ઊભા હશે જ.

સદા જ્ઞાન–ધ્યાનમાં જાગ્રત રહેનાર શ્રમણ ભગવંત વર્ધમાન દ્વારપાલની સામાન્ય વાત પરથી જીરણશેઠના ઘરની ગોચરીનું સ્વરૂપ વિચારી ગયા. સીધો માર્ગ ત્યજી દઈ, જમણા હાથની ગલીમાં આગળ વધ્યા. થોડું ચાલતાં જ સામે એક વિશાળ ને રમણિય પ્રાસાદ જોયો. એના ઉઘાડા દ્વારમાં પ્રવેશી ધર્મલાભનો ઉચ્ચાર કર્યો.

પ્રાસાદ શ્રીમંતાઇના પ્રદર્શનરૂપ હતો. દાસ દાસીની દોડાદોડ પણ ઠીક ઠીક હતી. આમ છતાં ઘરના માલિક કે માલકન ખાસ જણાયા નહીં. ધર્મલાભના શબ્દ સુણી રસોડામાંથી એક દાસી પરશાલમાં દોડી આવી. અતિથિને ઉભેલા જોતાં જ ઊભા રહો કહી, રસોડામાં દોડી ગઇ અને એક પાત્રમાં આહાર લાવી સામે ધર્યો. વર્ધમાનસ્વામીએ આહારની યોગ્યતા તપાસી લઇ એ લેવા હાથ પસાર્યા. જોઇતા પ્રમાણમાં આવી જતાં લેવાનું બંધ કરી, ઉપવન તરફ સીધાવી ગયા. આહારનું એકાદ ટીપું સરખું પણ ભોંય પર પડવા ન દીધું એવી અપૂર્વ શક્તિવાળા મહાત્માની પૂંઠ જોઇ રહેલી દાસી આંગણામાં થઇ રહેલા કોલાહલથી ઝબકી ઉઠી ! અચાનક બોલી ઊઠી–સ્વામિની ! બાઇ ! જલ્દી આવો. આપણા આંગણામાં ધનનો વરસાદ વરસી રહ્યો છે. અરે ! સુંદર વસ્ત્રો અને સુગંધી જળ પણ સાથે જ છે ને ! આકાશ તરફ નજર કરે છે. ત્યાં દુંદુભિનો નાદ અને 'અહોદાન' 'અહોદાન'નો કર્ણપ્રિય ધ્વનિ સંભળાય છે.

ધનનું નામ સાંભળતાં જ તંદ્રામાં પડેલા સૌ બહાર દોડી આવ્યા. શેઠના દીકરાઓ તો સોનૈયા એકઠા કરવા મંડી પડયા. એક તો બોલી પણ ઉઠયો—

રોજ ડોસા, 'કંઇ ધ્યાન આપતા નથી. ધંધો શીખતા નથી' એવો ઠપકો આપે છે; પણ આજે જેવા બહારથી આવે કે તરત જ આ સોનૈયાની થેલી તેમની છાતીમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠોકી દઉં અને રોકડું સંભળાવી દઉં કે–'તમારે તો લક્ષ્મી કમાવા હાયવોય કરવી પડે છે અને લોહીનું પાણી થાય છે જ્યારે તે અમારી તો સામે દોડતી આવે છે! 'ભાગ્યવાનને ત્યાં ભૂત રળે' એ લોકવાયકા કંઇ ખોટી નથી'.

ત્યાં તો નિરાશ વદને દલાલ યશપાલ સાથે વાતો કરતા શેઠ અભિનવ આવી પહોંચ્યા. આંગણામાં સોનૈયાની વૃષ્ટિ જોઇ એ તો આભા જ બની ગયા! ધનનો ઢગ જોતાં જ ચહેરા પરની નિરાશા છૂ થઇ ગઈ!

દલાલ યશપાલ બોલી ઊઠયો: મુરબ્બી! હું નહોતો કહેતો કે–તમો મહાભાગ્યશાળી છો. સોદો ન થયો તો જુઓને અહીં વગર મહેનતે ધનનો ઢગલો થયો. પેલા વર્ધમાન-સ્વામીના પગલા થયાં લાગે છે. જાણો છો એ સારુ પેલા મારા જૂના ઘરાક જીર્ણશેઠે કેટકેટલી જહેમત ઉઠાવી હતી. છેલ્લા ચાર માસથી એ એમાં જ રચ્યાપચ્યા રહેતા. અરે! એનો દીકરો પણ ઘેલો બની આજે ભારે ખરચ કરી બેઠો છે. મારી સોદાની વાત પણ ધુતકારી કાઢી હતી. આપને તો કોડીના ખરચ વિના આ અપૂર્વ લાભ થઈ ગયો. અને એ બિચારો આ પ્રયત્નમાં પણ હાથ ઘસતો રહી ગયો! શેઠજી! આનંદો, જો, જો, આ દલાલને ભૂલી ન જતા. લાવ જરા પેલાના ઘર તરફ જઇ તમારા આ ભાગ્યની વધાઇ આપું અને એની ઘેલછા પર શિખામણના બે શબ્દ સંભળાવું—'**सर्वे गुणाः कांचनमाश्रयन्ते**' એ નીતિકારોની વાત ખોટી નથી. નજરે જોયું. પેલા સંતે પણ અહીં જ પગલાં પાડયા ને!

દલાલ યશપાળે આવતાં જ અહીં તો જુદું જ દ્રશ્ય જોયું. જીરણ શેઠ જો કે શુદ્ધિમાં આવ્યા હતા અને વૈદરાજે આવી નાડ જોઇ, કહ્યું હતું કે–શેઠને કંઇ જ દરદ નથી, ફક્ત આઘાત પહોંચવાથી આમ બની ગયું છે. શાંત્વન ને શાંતિની જરૂર છે. પણ શાંત્વન અને શાંતિ એ કોઈ બજારુ ચીજો નહોતી કે ઝટ લાવી શકાય. શેઠના અંતરમાં જે ઉલ્કાપાત થયો હતો તે તેઓ પોતે જાણતા હતા. એ પાછળ જે નિરાશાની કાલીમા પ્રસરી હતી તે કહી કે સહી જાય તેવી નહોતી જ.

એકાદ વૃદ્ધ સલાહ આપતા કે ભાઇ, ધીરજ ધર. પ્રભુને રોકીશું: કાલે પધારવા વિનંતી કરીશું. તો મંડળીમાંથી બીજો અવાજ સંભળાતો કે નગરીમાં ગમે ત્યાં જઇ, ભગવંતે તો પારણું કર્યું જ છે ને. જો એ ભૂખ્યા રહ્યા હોય તો જરૂર ભક્તને દુઃખ થાય. ત્યાં તો દલાલ યશપાળ આગળ આવી બોલી ઊઠયો.

ભાઇ તમે એ પાછળ શેઠે લીધેલી મહેનત જાણતા જ નથી. ઉજાગરા વેઠયા, ટાંટીયા ઘસ્યા અને જાત–જાતના પદાર્થો તૈયાર કરવા પાછળ પૈસા પાણી માફક વાપર્યા; જ્યારે લાભ તો પેલા અભિનવ શેઠ મેળવી ગયા. સોનૈયાની વૃષ્ટિ એને ઘેર થઇ. જરા પણ મહેનત કર્યા વિના–કોડી સરખી વાપર્યા વગર–એના ભાગ્યે યારી આપી. ભરતામાં ભરાયું અને જીર્ણ શેઠ બાપડા હાથ ઘસતા રહી ગયા! દુઃખ ન લાગે?

વ્યંગમાં બોલાયેલા યશપાળના શબ્દોએ શેઠના પુત્ર જિનદાસના અંતરમાં ઝાળ જન્માવી, અને એ જ્યાં જવાબ દેવા મ્હોં ખોલે છે ત્યાં ધીમા અવાજે જીરણ શેઠ બોલ્યા:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશપાળ ! તારા જેવા સ્નેહીને આ જાતની કલ્પનાજાળ ગુંથવી લાજીમ નથી. એ પાછળ ઉજાગરા વેઠવાપણું કે પગ ઘસવાપણું હતું જ નહીં તેમ સોનૈયાની વૃષ્ટિ થશે અને એથી મારી આબરૂમાં ઉમેરો થશે એવો વિચાર સરખો પણ નહોતો. ધન જેવા પૌદ્‌ગલિક પદાર્થ પાછળ એવી લોલુપતા નથી તો મને કે નથી તો મારા કુટુંબને. વીતરાગની વાણી થોડીઘણી તો અમને પચી છે. અલબત્ત, ભક્તિ તો હતી જ. એમાં પણ ચરમ તીર્થપતિ થનાર આ મહાવિભૂતિના પગલાં મારા આંગણામાં કરવાની તમન્ના જોર પકડી રહી હતી. આવી સોનેરી પળ કોઇકવાર સાંપડે છે. ભગવંતનો યોગ રસ્તામાં નથી પડયો. આઘાત થવાનું કારણ એટલું જ કે—' મારા પુન્યની એટલી કચાશ. ' પૂર્વ કર્મની લીંટી આડે આવી અને હાથવેંતમાં દેખાતી સોનેરી તક ચાલી ગઇ ! આજે પણ ભગવંતના પગલાં થવાની પ્રતિતી થતી હોય તો મારા આજના સંયોગોમાં પણ હું એ અંગે ખરચ કરતા ન અચકાઉં.

ધન એ તો માનવના હાથનો મેલ છે. એ પાછળ મમતા તો જીવન હરાવનારી છે, તેથી તો નીતિકારોએ ' લક્ષ્મીને ચંચળ-સ્વભાવવાળી કહી છે. ' સન્માર્ગે એનો વ્યય એ જ વહેવારીને શોભારૂપ છે. અભિનવ શેઠને ત્યાં એના ઢગલા થાય એમાં મને દુઃખ કેવું ? મારા એ બંધવના સદ્‌ભાગ્યની જરૂર હું તારીફ કરું. મોટું દુઃખ તો એ જ કે ચાર માસના ઉપવાસી આવા મહાતપસ્વીના કરમાં મારા ઘરનું કંઇ અન્ન પડયું નહીં.

શેઠજીની નમ્રતાથી ભરેલી અર્થગંભીર વાણી સાંભળીને યશપાળ તો ખસીયાણો પડી ગયો. દૈહિક સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થયેલ જોઈ આમ જનસમૂહ તો હર્ષમગ્ન બની ગયો. શેઠની પ્રશંસા કરવા લાગ્યો અને એમાં શેઠે જિનદાસને આજ્ઞા કરી કે–તૈયાર કરેલ સામગ્રી આ માનવસમૂહમાં વહેંચી દે ત્યારે તો ઓર ઉછાળો આવ્યો. જીરણ શેઠની પોળ તરફ કોઇ અનેરું દ્રશ્ય સરજાયું. મહારાજા ચેટક જ્યાં ભગવંત મહાવીર ચાતુર્માસ રહ્યા હતા ત્યાં વંદનાર્થે પહોંચી ગયા હતા. ચતુર્જ્ઞાની ભગવંતનો નિયમ હતો કે પારણું કરી તેઓ તરત જ અન્યત્ર વિહાર કરી જતા. જ્યાં એ તૈયારી થઇ રહી છે અને શ્રમણ ભગવંત મહાવીર પગ ઉપાડે છે ત્યાં ત્વરિત ગતિએ આવેલા બે વેપારીઓ તેમના ચરણમાં પડ્યા. ખાસ ધીમે પડતા એમાંનો એક જેનું નામ જિનદત્ત હતું તે બોલ્યો.

સ્વામિન્ ! અમો ઉભય પૂર્વે આવેલા ત્યારે આપ મૌનપણે કાયોત્સર્ગમાં હતા. આ નગરીમાં ધંધાના કારણે આવવું થાય છે અને અમારો વાણિજ્ય અંગેનો સંબંધ નગરીના જાણીતા વેપારી અભિનવ શેઠ તેમજ જીરણશેઠ સાથે વિશેષ છે. ઉભયના વિશેષ પરિચયમાં અમો આવ્યા છીએ. એ બન્નેની રહેણીકરણીમાં જે ફરક છે તે પણ અમો સારી રીતે જાણીએ છીએ. વળી એ બેની આર્થિક સંપત્તિથી અને આબરૂથી પણ અમો પૂર્ણ રીતે વાકેફગાર છીએ. એ સર્વનો તાળો મેળવતાં અમો ઉભય જૂદા અનુમાન પર આવ્યા છીએ. ગાઢ મિત્રો હોવા છતાં આ વિષયમાં અમારા દૃષ્ટિબિન્દુમાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવું અંતર જન્મ્યું છે ! પ્રભો ! આપ તો મનોભાવના જ્ઞાતા છો. અમારી ખાતર થોડો વિલંબ કરી, ચિરકાળ સંચિત શંકાનું નિરસન કરો એવી અમારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગંતુક મિત્રયુગલની વાત સાંભળતાં ચેડા મહારાજાને પણ એમાં રસ પડ્યો. પોતાની નગરીમાં વસતા બન્ને વહેવારીઓથી પોતે અજાણ નહોતા. એક સમયના સમૃદ્ધિવંત જીરણશેઠ કાળના વાયરાથી ઘસાઇ ગયા હતા અને જીર્ણશેઠ કહેવાતા એ પણ જાણ બહાર નહોતું. અભિનવ શેઠ લક્ષ્મીના જોરે અગ્રપદ ધરાવતા એ નગ્ન સત્ય હતું. ઊગતા સૂર્યને નમવાના સ્વભાવવાળું મહાજન સર્વકાર્યમાં અભિનવ શેઠને જ અગ્રપદે ધરતું અને તેથી રાજવી તરીકે પોતાને નગરશેઠાઇ બદલવાનો પ્રશ્ન થોડા સમયથી મુંઝવી રહ્યો હતો. મહાજનની વાત બાજુ પર રખાય તો વૈશાલીનો આમજનસમૂહ આજે પણ જીરણશેઠના જ ગુણ ગાતો અને એમને જ સન્માનતો. ગુંચ ઉકેલવામાં આ પરદેશી મિત્રયુગલની વાતને ટેકો આપવો વ્યાજબી જણાતા, તેઓ પણ બોલ્યા—

ભગવંત ! વિલંબને વજન આપ્યા વગર આ ભક્તોની શંકા ટાળવાની જરૂર છે. જ્ઞાની વિના સંશયનું નિવારણ બીજા કોની પાસે જઇ કરવાનું હોય ?

હે જિનદત્ત ! તમારો સંશય ટૂંકમાં કહી બતાવો.

સ્વામી ! વાત નજીવી છે. મારા અંતરના નાદને અનુસરી હજુ પણ હું જીરણશેઠને જ મોટા અને ખાનદાન માનુ છું. ધનથી ભલે એ ઘસાયા હોય, પણ એમનું હૃદય તો પૂર્વવત્ વાત્સલ્યભરપૂર છે. મારા મિત્ર ધર્મદત્ત માને છે કે–જ્યારે દશા ફરે છે ત્યારે જ લક્ષ્મી રીસાય છે અને એ જ્યાં વિદાય લે ત્યાં આવડત, અનુભવ અને ઉદારતા સહજ સુકાવા માંડે છે. ડહાપણ અને ભાગ્યના જોરે જ અભિનવ શેઠ આગળ આવ્યા છે. આજે આ મહાનગરીના સાચા શેઠ તે જ ગણાય. મારા એ મિત્રે પોતાના ઉપરોક્ત મંતવ્યમાં આજે વધુ જોરથી આપની સાક્ષી ઉમેરી છે અને ભાર મૂકી કહે છે કે–મારું મંતવ્ય જ સાચું હતું અને છે. અભિનવ શેઠના ભાગ્ય વિના ભગવંત જેવાનો પારણા–યોગ સાંપડે ખરો ?

અહા ! આટલી નાનકડી વાતમાં તમો વણિકોએ ' કાગનો વાઘ ' બનાવી દીધો છે.

મહાનુભાવો ! માનવ હૃદયના ભાવો ઉપરછલ્લા અભ્યાસથી ન જાણી શકાય. એ પિછાનવામાં જ્ઞાન–નેત્રો જરૂરી ગણાય. વળી એ કાંટે ચઢાવાય ત્યારે મારી સાક્ષી રજૂ કરવાનો અર્થ નથી. એ વેળા તો કાળજૂના કાનૂન અવલોકવા ઘટે.

સાંભળો, ત્યાગી જીવનમાં પગ માંડ્યા પછી નથી તો હું વર્ધમાન રાજકુંવર કે નથી તો હું પૂર્ણજ્ઞાની અરિહંત. એ ઉભયબિંદુઓની વચમાં મારું સ્થાન. અલબત્ત દુન્યવી માનવો જન્માદિના કારણે, દેવોના આવાગમને, અને અમુક શક્તિના મારામાં સદ્‌ભાવને લઇ, સામાન્ય સાધુ કરતાં મારું સ્થાન ઊંચું કલ્પે એ સંભવિત છે. મારા પારણે દેવો ભક્તિવશ બની સોનૈયા વર્ષાવે એ સહજ છે, પણ એનો અર્થ એ નથી કે મારે સાધુજીવનના નિયમ પાળવા નહિ અગર તો જ્યાં હું પારણું કરું ત્યાં ઉચ્ચ કક્ષાનો વ્યવહાર હોય અથવા તો એ વ્યક્તિ કે ઘર પુન્યવંત કિંવા શ્રેષ્ઠ જ હોય. દરેક બનાવ પાછળ આત્માના પૂર્વકર્મના અંકોડા સંકળાયેલાં જ હોય છે. નિમિત્ત મળતાં જ એનો પ્રાદુર્ભાવ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારણા અંગે જણાવું તો જીરણશેઠ આવા રોજ વિનંતિ કરી જતાં. એ પાછળ જીવંત ભક્તિ હતી અને જ્ઞાનભરી જાગ્રત દૃષ્ટિ હતી. સાધુધર્મના ધોરણે 'વર્તમાન યોગ' જવાબ હતો. નગરીના દરવાજે દ્વારપાલ રણસિંહજીનો મેળાપ ન થયો હોત તો પારણું શેઠને ત્યાં જ થાત. પણ વિધિના લેખ ન્યારા એટલે અવાંતર કારણ જન્મ્યું. ગોચરીની દિશા બદલાઇ અને જ્યાં ઘરધણીનો આદરસત્કાર કે આંતરિક ભાવ સરખો નહોતો ત્યાં દાસીના હાથનો સામાન્ય આહાર ગ્રહણ કરાયો. પારણાવિધિ પછીનો મારો રાહ જાણીતો છે.

પારણું જે સ્થળે કરું ત્યાં દેવો પોતાનો ધર્મ બજાવે એમાં મારે કંઇ સંબંધ નથી. તેમનો એ શાશ્વત રવૈયો. દુનિયાની નજરે દ્રવ્યથી પારણું કરાવનાર અભિનવ શેઠ જ ગણાય. દ્રવ્યનો લાભ પણ એ નિયમે એમને જ થાય. જ્ઞાનીની નજરે એ ઝાઝા મૂલ્યાંકન-વાળી વસ્તુ નહીં. સમજુ એમાં ન લોભાય.

ઢાલની બીજી બાજુ તપાસીએ. પારણા અંગેની બાહ્ય સામગ્રી તો જીરણશેઠના ઘરમાં ઉચિત પ્રમાણમાં અને કલ્પે તેવા સ્વરૂપમાં ભરી પડી હતી. વિશેષતા એ હતી કે-એ પાછળ હૃદયના ઉમળકાનો પાર નહોતો. કુટુંબીજન કરતાં પણ વૃદ્ધ શેઠના હૃદયમાં ભક્તિની છોળો ઉભરાઇ રહી હતી. એના ઝપાટામાં વર્ષોજૂના દોષો ધોવાવા માંડયાં હતાં. ભાવની અચિંત્ય શક્તિથી તમો સૌ માહિતગાર છો. જ્ઞાનયુક્ત ભાવ-લહેરો અંતર્મુહૂર્તમાં કેવી સ્થિતિ પ્રગટાવી મૂકે છે એ સારુ સંખ્યાબંધ દૃષ્ટાન્તો નોંધાયા છે. એમાં પ્રથમ તીર્થપતિની માતા મરુદેવાનું કે સંતાનો બાહુબલિ-ભરતનું દૃષ્ટાન્ત ઊડીને આંખે વળગે તેમ છે. જીરણ-શેઠની ભાવના એટલી પ્રબળ હદની હતી કે તે મોક્ષનું કારણ બની જાત, પણ શ્રાવકપણાની મર્યાદા બારમા દેવલોકની હોવાથી, દુંદુભીનાદ સંભળાયો અને એમની ધારા ખંડિત થઇ! 'ભાવના તો ભવનો નાશ કરે છે' એ યથાર્થ છે. દેવ પછી મુક્તિનો યોગ એ શેઠના નામે નોંધાઇ ગયો છે. ભાઈ, સાચી શેઠાઇનો એ પ્રભાવ છે. જ્ઞાનનેત્રો જ એ જોઇ શકે. ખુલાસો કરી શ્રી વર્ધમાન તો વિહાર કરી ગયા.

ધર્મદત્ત બોલ્યો-મિત્ર તારું અનુભવ-જ્ઞાન સાચું છે. ચાલ, ભાઇ, જલ્દી પગ ઉપાડ. એ પુન્યવંતના દર્શન કરી જીવન પાવન કરીએ.

ધર્મબંધુઓ! હું પણ એ તરફ જઉં છું. બેસી જાવ મારી સાથે આ રથમાં. રાજ્યમાં આવો મહાત્મા હોય એ તો સૌ કોઇના બહુમાનને યોગ્ય ગણાય.

જિનદાસના હાથે વહેંચાતા પદાર્થથી મીઠું મ્હોં કરી જ્યાં સમુદાય વીખરાવાની તૈયારીમાં છે ત્યાં મહારાજા ચેટકનો રથ આવી ખડો થયો. પ્રજાજનોએ રાજવીને નમન કર્યું.

રાજવીએ રથમાંથી ઉતરી, જીરણશેઠને પ્રણામ કરતાં જણાવ્યું કે-શેઠજી! તમો તો આ વૈશાલીના કોહીનૂર રત્ન સમા છો. તમારી તોલે આવે તેવો કોઇ માનવ આ રાજ્યમાં તો નથી, પણ ભારતભરમાં નથી. ખુદ ભગવંત મહાવીરના મુખની આ વાત છે. સાક્ષીરૂપ આ મિત્રયુગલ સાથમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ' કતક 'નું ચૂર્ણ ને જળની શુદ્ધિ

( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

જૈન મુનિવરો એમના વૈદ્યકીય અને જ્યોતિષના જ્ઞાન માટે જાણીતા છે. આ બંને વિષય ઉપર કેટલીક સ્વતંત્ર કૃતિઓ એમને હાથે રચાયેલી મળે છે. આ ઉપરાંત પ્રસંગવશાત્ ધાર્મિક ગ્રન્થોમાં પણ એની છાંટ જોવાય છે, અને તે સ્વાભાવિક છે, કેમકે જૈન સાહિત્ય એ કેવળ તત્ત્વજ્ઞાન કે ધર્મનું જ નિરૂપણ પૂરું પાડતું નથી, પણ કેટલીયે વ્યાવહારિક–લૌકિક–દુન્યવી બાબતો પણ રજૂ કરે છે. આવી પરિસ્થિતિમાં ' કતક ' જેવી એક વનસ્પતિનો અને એના ગુણનો નિર્દેશ જૈન કૃતિઓમાં મળે એમાં નવાઇ નથી.

' કતક ' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. " સાર્થ ગુજરાતી જોડણીકોશ "માં એ નોંધાયો છે એટલે એને ગુજરાતી ભાષામાં સ્થાન મળ્યું છે એમ જોઈ શકાય છે.

આ કોશમાં ' કતક 'નો અર્થ ' એક જાતનું ઝાડ ' એમ અપાયો છે. સાથે સાથે આ ઝાડના ફળનું પણ આ જ નામ છે અને એને ' નિર્મળી ' પણ કહે છે એ એના અહીં અપાયેલા બીજા અર્થ ઉપરથી જાણી શકાય છે. આ કોશમાં ' નિર્મળી ' શબ્દ અપાયો છે અને એનો અર્થ ' એક વનસ્પતિ, જેનાં બી મેલું પાણી સ્વચ્છ કરવામાં વપરાય છે ' એમ અપાયો છે.

' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિએ રચેલ **સકલાર્હત્**થી જૈન જગત્ સુપરિચિત છે. એના નીચે મુજબના પદ્યમાં ' કતક ' શબ્દ વપરાયો છે અને સાથેસાથે ' ક્ષોદ ' શબ્દથી એના ચૂર્ણનો પણ ઉલ્લેખ કરાયો છેઃ—

**" विमलस्वामिनो वाचः कतकक्षोदसोदराः ।**
**जयन्ति त्रिजगच्चेतो जलनैर्मल्यहेतवः ॥ १५ ॥ "**

આ **સકલાર્હત્** સ્તોત્ર ઉપર કનકકુશલગણિએ વિ. સં. ૧૬૫૪ માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે અને એ વૃત્તિ મૂળ સહિત " જૈન આત્માનંદ સભા " તરફથી ઇ. સ. ૧૯૪૨ માં પ્રસિદ્ધ થઇ છે. એમાંથી નીચે પ્રમાણેની પંક્તિ હું અહીં ઉદ્ધૃત કરું છું.

**" यथा कतकफलचूर्णेन सकलुषमपि सलिलं निर्मलीभवति तथा भगवद्वाण्या सकलुषाण्यपि त्रिजगच्चेतांसि निर्मली भवन्ति ॥ "**

આનો અર્થ એ છે કે જેમ કતકનાં ફળના ચૂર્ણવડે મેલું પાણી યે ચોકખું થાય છે તેમ ભગવાનની વાણીવડે જગત્નાં કલુષિત મનો પણ નિર્મળ બને છે. આમ અહીં કતકનાં ફળના ચૂર્ણવડે જળની શુદ્ધિ થાય છે એ હકીકત સ્પષ્ટપણે દર્શાવાઇ છે.

' કતક ' ને પાઇય ભાષામાં ' કયગ ' કહે છે. જેની એક હાથપોથી શક સંવત્ ૫૩૧માં લખાયેલી જેસલમેરમાં છે એ **વિસેસાવસ્સયભાસના** કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. આ ' ભાસ ' ઉપર મલધારીય હેમચન્દ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ભાસ' ની ગા. ૫૩૬ ની વૃત્તિમાં એમણે જે નીચે મુજબનું અવતરણ પત્ર ૨૮૯ માં આપ્યું છે તેમાં 'કયગ' શબ્દ વપરાયો છે:—

"जुगवं पि समुप्पन्नं सम्मत्तं अहिगमं विसोहेइ।
जह कयगमंजणाइजलवुट्ठीओ विसोहिंति ॥"

મુદ્રિત આવૃત્તિમાં આ પદ્ય આમ છપાયું છે અને એની છાયા નીચે પ્રમાણે અપાઇ છે:—

"युगपदमपि समुत्पन्नं सम्यक्त्वमधिगमं विशोधयति।
यथा कनकमञ्जनादिजलवृष्टयो विशोधयन्ति ॥"

આ સંબંધમાં હું વિશેષ ઊહાપોહ કરું તે પૂર્વે એ વાત નોંધું છું કે **પાઇયસદ્દ-મહણ્ણવ**( પૃ. ૨૮૪ )માં કયગ( સં. કતક )ના બે અર્થ અપાયા છે. ( ૧ ) વૃક્ષ-વિશેષ, નિર્મલી; ( ૨ ) કતક-ફલ, નિર્મલી ફલ, પાયપસારી. વિશેષમાં અહીં અવતરણ તરીકે નીચે મુજબ પંક્તિ અપાઇ છે:—**"जह कयगमंजणाई जलवुट्ठीओ विसोहिंति"**

આ ઉપરથી બે વાત જણાય છે: ( ૧ ) કતકના ફળને હિન્દીમાં 'પાયપસારી' પણ કહે છે. ( ૨ ) મુદ્રિત આવૃત્તિમાં અવતરણ અશુદ્ધ છપાયું છે, જો કે અહીં પણ **मंजणाई** છપાયું છે તે **मंजणाइ** અથવા **मंजणाई** એમ જોઇએ. છાયા પણ અશુદ્ધ છે. 'કતક'ને બદલે 'કનક' છપાયું છે તે તો મુદ્રણ-દોષને આભારી હશે, પણ એ પંક્તિ જે રીતે રજૂ થઇ છે તે અર્થની અનભિજ્ઞતા સૂચવે છે. વસ્તુતઃ ઉપર્યુક્ત અવતરણ એ **આવસ્સયનિજ્જુત્તિ**ની ૧૧૫૪મી ગાથા છે. હરિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત છપાયેલી નિજ્જુત્તિની આવૃત્તિમાં આ ગાથાનો પૂર્વાર્ધ તો ઉપર મુજબ જ છે, પણ ઉત્તરાર્ધ નીચે પ્રમાણે છે અને એ અર્થદૃષ્ટિએ સંગત છે:—**"जह कायगमंजणाई जलदिट्ठीओ विसोहंति"**

અહીં हं છપાયેલ છે તે ભૂલે हिं હશે. આ ઉત્તરાર્ધની છાયા નીચે મુજબ રજૂ કરું છું:—

**"यथा काचकाञ्जने जल-दृष्टी विशोधयतः"**

અહીં **कायगमंजणाई**( इं )માં મકાર અલાક્ષણિક છે. આ વાત હરિભદ્રસૂરિએ 'અનુસ્વાર અલાક્ષણિક છે' એ રીતે નિર્દેશી છે. વિશેષમાં એમણે કહ્યું છે કે—**"कचको वृक्षस्तस्येदं काचकं फलं"** આનો અર્થ એ છે કે 'કચક' એ ઝાડ છે અને 'કાચક' એનું ફળ છે. અહીં 'કતક' ને બદલે 'કચક'નો ઉલ્લેખ છે. એથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે શું આ બંને એક જ ઝાડનાં નામ છે કે પછી આ બંને ભિન્ન ભિન્ન ઝાડ છે અને એ પ્રત્યેકનાં ફળ જળનું શોધન કરે છે? 'કાચક' નો અર્થ 'કાચકો' થતો હોય એમ લાગે છે અને કેટલાકના કહેવા મુજબ એ જળને નિર્મળ બનાવે છે.

સા. ગુ જોડણીકોશમાં કાચકો એટલે 'કાચકીનું ફળ' એવો અર્થ અપાયો છે. સાથે સાથે એના 'કાચકું' અને 'કાકચું' એમ બે પર્યાય અપાયા છે. એવી રીતે 'કાચકી' નામની વનસ્પતિના પર્યાય તરીકે 'કાકચી' નો અહીં ઉલ્લેખ છે.

લક્ષ્મણ રામચન્દ્ર વૈદ્યે સંસ્કૃત-અંગ્રેજી કોશમાં 'કત' અને 'કતક' એમ બે શબ્દ-નોંધ્યા છે. બંનેનો અર્થ "The clearing-nut-plant; (the nut of this tree clears turbid water)." સૂચવ્યો છે. વિશેષમાં એમણે નીચે મુજબ બે અવતરણો આપ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" फलं कतकवृक्षस्य यद्यप्यम्बुप्रसादकम् ।
न नामग्रहणादेव तस्य वारि प्रसीदति ॥ M VI. 67 "

" नं कतक पंकविशोधनाय Vamanasutra. I, I " આ બંને અવતરણો પરથી એ વાત સમર્થિત થાય છે કે કતકનાં ફળ જળની શુદ્ધિ કરવામાં કામ લાગે છે.

હેમચન્દ્રસૂરિએ [1]નિઘંટુશેષ [1]( પૃ. ૨૬૨ )માં નીચે મુજબ છે પદ્ય આપ્યું છે.

" कतकच्छदनीयोऽम्बुप्रसादनफलः कतः ।
कार्पास्यां तु समुद्रान्ता बदरा तुण्डिकेर्यपि ॥ २०४४ ॥ "

**જળની શુદ્ધિ—**

**નાયાધમ્મકહા**—એ શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીના પાંચમા ગણધર સુધર્મસ્વામીને હાથે રચાયેલાં બાર અંગોમાંનું છઠ્ઠું અંગ છે. એના પહેલા સુયક્ખંધ( શ્રુતસ્કન્ધ )ના બારમા અજ્ઝયણ( અધ્યયન )માં ખાઇનું પાણી જે ખૂબ દુર્ગંધથી ભરપૂર હતું તે જિતશત્રુ રાજાના મંત્રી સુબુદ્ધિએ કેવી રીતે સુગંધી અને પીવાલાયક બનાવ્યું તેની કથા અપાઈ છેઃ—

સુબુદ્ધિએ કુંભારની દુકાનેથી નવા( કોરા ) ઘડાઓ મંગાવ્યા અને સંધ્યાકાળે પેલી ખાઇમાંનું પાણી આ નવા ઘડાઓમાં ગળાવ્યું, ગળાવીને નવા ઘડાઓમાં નંખાવ્યું અને નંખાવ્યા પછી એ ઘડાઓને લાંછિત-મુદ્રિત કરાવ્યા એટલે ઘડાનાં મોઢાં બંધ કરાવી એના ઉપર રેખા કરાવી–મુદ્રા લગડાવી. આમ થતાં એણે એ ઘડાઓને સાત દિવસ અને સાત રાત રાખી મૂકાવ્યા. પછી બીજી વાર નવા ઘડાઓમાં એ પાણી ગળાવ્યું અને ગળાવીને નવા ઘડામાં નંખાવ્યું, અને તેમાં તાજી રાખ નંખાવી એને લાંછિત–મુદ્રિત કર્યા, અને સાત દિવસ અને રાત રાખી મૂકયા. ત્યારબાદ ત્રીજી વાર એ પાણીને નવા ઘડામાં ગળાવી, ભરાવી અને એમાં તાજી રાખ નાંખીને મૂકી છાંડ્યા.

આ પ્રમાણે સુબુદ્ધિ આ રીતે વચ્ચે વચ્ચે નક્કી ગળાવતો વચ્ચે વચ્ચે નવા ઘડામાં નંખાવતો અને વચ્ચે વચ્ચે સાત દિવસ ને રાત રાખી મૂકાવતો. આમ સાત અઠવાડિયાં સુધી પાણી રાખી મૂકાવતાં સાતમા સપ્તકે ( અઠવાડિયે ) આ પાણી રત્ન જેવું બન્યું. એ સ્વચ્છ, પથ્ય, ઉત્તમ, હલકું અને સ્ફટિકના જેવું નિર્મળ બન્યું. એના વર્ણ, ગંધ વગેરે આહ્લાદજનક બન્યા. એ ચાખીને આનંદ પામેલા સુબુદ્ધિએ એમાં ઉદક–સંભારણીય દ્રવ્યો નાંખી એને રાજાના જલરક્ષકને બોલાવી એ આપ્યું. એણે રાજાને ભોજનવેળાએ આપ્યું.

અભયદેવસૂરિએ આની ટીકા( પત્ર ૧૭૭ )માં ઉદક–સંભારણીય એટલે ઉદકવાસક ( અર્થાત્ પાણીને સુગંધી બનાવનાર ) એમ કહી વાલક( વાળો ) અને *મુસ્તા એ બેનો ઉલ્લેખ કર્યો છે. "નાયધમ્મકહા"ના અનુવાદરૂપ ભગવાન મહાવીરની ધર્મકથાઓ( પૃ. ૯૨ )માં " સુગંધી વાળો,× મોથ વગેરે ઉદકસંભારણીય દ્રવ્યો ભેળવ્યાં " એવો ઉલ્લેખ છે. આ ઉપરથી જોઈ શકાય છે કે અહીં મૂળમાં જેનો ઉલ્લેખ નથી એ બાબત ટીકાને આધારે ભેળવી દેવાઇ છે. આમ આ અનુવાદ મૂળનો નિર્ભેળ અનુવાદ નથી.

---

૧ જુઓ દે. લા. જૈ. પુ. ગ્રન્થાંક ૯૨

* આ શબ્દ **રઘુવંશ** ( સ. ૯, શ્લો. ૫૯ અને સ. ૧૫, શ્લો. ૧૯ ) માં વપરાયો છે.

× 'ચીડ' નામના ઘાસનો કંદ એવો આનો અર્થ જોડણીકોશમાં અપાયો છે. અહીં 'વાળો' શબ્દ પ્રસ્તુત અર્થમાં નોંધાયો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય

(૨૮૯)

**તમારી નબળાઇ કે ક્ષીણતાથી તમે નાસી જઈ શકતા નથી.**
**કોઈ દિવસ તમારે તેનો સામનો કરવાનો જ છે, અથવા તમારે ખલાસ થવાનું છે.**
**તો પછી તમે જ્યાં ખડા છો ત્યાં જ હાલ જ શા માટે સામનો ન કરી લો ?**

પ્રત્યેક વ્યક્તિમાં કાંઇ કાંઇ નાના મોટી નબળાઇ તો જરૂર હોય છે. કોઇને અકરાંતિયા થઇ ખાવાની નબળાઇ હોય, તો કોઇને પોતાની મોટાઇ બતાવવાની નબળાઇ હોય; કોઇને આળસમાં પડી રહેવાની નબળાઈ હોય તો કોઇને સામા પર ગુસ્સે થઇ જવાની નબળાઇ હોય; કોઇને પરસ્ત્રી જોતાં તેને પોતાને વશ કરવાની નબળાઇ હોય તો કોઇને પારકાની નિંદા કરવાની નબળાઇ હોય; કોઈને કાવતરાં, માયા, કૂડકપટ કે દંભ કરવાની નબળાઇ હોય તો કોઇને ભયથી ગભરાવા કરવાની નબળાઇ હોય; કોઇને ચાડીચુગલી કરવાની નબળાઇ હોય તો કોઇને દુનિયા રસાતાળ જવાની અને ધંધાધાપા ખલાસ થવાની આગાહી કરવાની નબળાઇ હોય–આવી અનેક પ્રકારની નબળાઇમાંથી એક કે એકથી વધારે માણસમાં હોય છે, સમજુ માણસો પોતાની નબળાઇ જાણતા પણ હોય છે અને તે માટે કોઇ કોઇ વાર પસ્તાવો પણ કરતા જણાય છે.

કેટલીક પ્રાણઘાત કરવાની, મહાન અસત્ય બોલવાની, ચોરી કરવાની, પારકી સ્ત્રી ઉપર બળાત્કાર કરવાની કે અતિ લોભમાં અપ્રમાણિકપણું કરી ઉઘાડા પડી જવાની નબળાઇનો તુરત સામનો કરવો ઘટે, નબળાઇ દૂર કરવી જ ઘટે અને તેમ ન થાય તો પોતાની હસ્તી નાબુદ જ થઇ જાય એટલે કોઇ પણ પ્રકારની નબળાઇ ચલાવી તો લેવાય જ નહિં. કાં તો એ આપણા ઉપર સ્વારી કરી આપણને બરબાદ કરે, અથવા આપણે તેના પર વિજય મેળવી તે ક્ષીણતાથી બચી જઇએ.

ત્યારે જો **નબળાઇનો સામનો** વહેલો મોડો કરવો જ છે, કરવાનો જ છે, તો પછી તો સ્થળ અને કામની પસંદગીનો જ સવાલ રહે છે. નબળાઇને ઓળખ્યા જાણ્યા પછી તેને ચલાવી લેવાની મૂર્ખાઇ તો કોઇ સમજુ માણસ ન જ કરે. એ વાત બરાબર હોય તો તે દૂર કરવા માટે **અત્યારનો વખત** બહુ સારો છે, તમારું પોતાનું વર્તમાન સ્થળ બહુ પસંદ કરવા યોગ્ય છે. કાલે કે દિવસો કે વર્ષો પછી નબળાઇ ઘર કરી જાય, અંદર બરાબર પાકી જામી જાય ત્યારે તમારી તાકાત કદાચ ન હોય, પૂરતું માનસિક બળ ન હોય, અત્યારના સહાયકો તે વખતે દૂર થઇ ગયા હોય કે વીસરાળ થઇ ગયા હોય; માટે જો ક્ષીણતા કે નબળાઇનો સામનો કરવો હોય તો તે કામ અત્યારે જ શરૂ કરી નાખો. **આજના જેવું સારું મુહૂર્ત ફરી ફરીને નહિ આવે.** અત્યારે તમારી વય, તમારા સાથીઓ, તમારા પાસવાનો અને તમારું સર્વસ્વ તમને મદદ કરશે, તમે નર છો, બહાદુર છો, લડવૈયા છો, ઘા ઝીલનારા છો, તો નીકળી પડો અને એ નબળાઇને પડકાર કરો, એને સર્વાંગ ઓળખી લો અને વિજય તમારા હાથવેંતમાં છે. અને આવી બાબત મુલતવી રાખવામાં માલ નહિ, કાલનો ભરોસો નહિ, શરીરના ઠેકાણાં નહિ; માટે અત્યારે જ દૃઢ સંકલ્પ કરો, કમર કસો, ચોટલી હોય તો તેને ગાંઠ બાંધો અને મંડી પડો. કરવું એને કાલ શી અને વિજય મેળવનારને વાર શી ?

---

You cannot run away from a weakness; you must some time fight it out or perish; and if that be so, why not now, and where you stand ?

R. L. Stevensou



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૯૦ )

**તમારી પાસે જે ચીજો હોય તેને માટે રાજી થાઓ,**
**અને તમને જણાશે કે તમે ધાર્યું હતું તેના કરતાં તમારી પાસે ઘણું વધારે છે;**
**અને પછી તમારી પાસે જે ચીજો નથી, તેનો અભાવ તમને લાગશે નહિ.**

સંતોષી થવા માટે અનેક માર્ગો અને આદર્શો છે, તેમાંનો એક ઘણો સરળ અને સમજી અમલમાં મૂકી શકાય તેવો વહેવારુ માર્ગ અત્ર બતાવ્યો છે. સાધારણ રીતે આપણી પાસે જે વસ્તુ ન હોય તેને માટે વારંવાર મન થઈ આવે છે, તેનાં ધોળે દિવસે સ્વપ્નાં આવે છે અને તે વસ્તુ મળે નહિ ત્યાં સુધી જીવને ચેન પડતું નથી. એક ઘડિયાળ કે ઇન્ડીપેન લેવાનું મન થાય કે ઘરનાં ઘર બાંધવા કે ખરીદવાનું મન થાય એટલે **એ વસ્તુ ન મળે ત્યાં સુધી** આપણને **શુનું શું થયાં કરે છે,** જીવન અકારું લાગે છે અને જીવ એ વસ્તુ માટે વલખાં મારે છે. અને પછી તો જાણે કુદરત, વિધિ, કર્મ કે ઇશ્વર પોતાની વિરુદ્ધ જ વર્તતા હોય એમ લાગ્યા કરે છે અને જીવ ઉદાસ થઇ જાય છે, વારંવાર કાળાં વાદળાં ચઢી આવે છે અને આવી હીનભાગી દશા પોતા માટે શી રીતે અને શા માટે ગોઠવાઇ રહી હશે એવાં આર્ત્તધ્યાન થયાં કરે છે.

હવે બીજાં જ દૃષ્ટિકોણથી જોવાની ટેવ પાડો. શું નથી, તેને બદલે કેટલું કેટલું છે **એ વિચારો.** ખાવાનું ભોજન મળે છે, પહેરવાનાં કપડાં મળે છે, સવારે નાસ્તો મળે છે, વાંચવા છાપાં મળે છે, પુસ્તકાલયમાંથી પુસ્તકો મળે છે, બેસવા ટ્રામ કે બસ મળે છે, સુવા માટે જગા અને તળાઇ મળે છે વગેરે વગેરે આવી અનેક વસ્તુની સગવડો અને જોગવાઇયો મળે છે તેનો **સરવાળો કરશો તો મન ભરાઇ જશે** અને તે એટલી મોટી સંખ્યામાં આવી જશે કે તંદુરસ્તી, વિચારશક્તિ, મિત્રતા, આનંદપ્રદ ફરવાના સ્થાનો, સહાનુભૂતિ, પ્રેમ વગેરે સાથે સરવાળો કરતાં તમે તમારી જાતને ભાગ્યશાળી માનશો અને એક બે નાની મોટી અગવડો હશે તેને પણ વિસારે પાડી દેશો.

આ રીતે વિચાર કરતાં **તમે તમારા રાજા છો,** તમે મનના મોટા છો, તમારે લહેર અને છક્કા છે એમ તમને લાગશે. **પછી** કોઇ ચીજ કે સંબંધ ન હોય તેની ગેરહાજરી તમને ..લશે નહિ અને વસ્તુ મળ્યા પછી તેના તરફ થતી તમારી બેપરવાઇને તમે સાથે ગણનામાં લેશો તો તમને વસ્તુની ગેરહાજરી તો લાગતી બંધ થઇ જશે એટલું જ નહિ પણ તમને એક અનેરો આનંદ થશે અને તમે નકામા વલોપાત કરી લોહી બાળતા હતા એમ તમને લાગ્યા વગર નહિં રહે; માટે હોય તેમાં રાજી થાઓ, સ્થૂળ વસ્તુના સંગ્રહ કે સંચયમાં કોઇને છેડો આવતો નથી એ વાત વિચારશો એટલે તમને પાકો આનંદ થશે અને તમારા છતાં રાજ્યને ઓળખી શકયા નહોતા એ વાત તમને લક્ષ્યમાં આવશે. સંતોષીને તો બારે માસ અને બત્રીશે ઘડી સુખ છે, મોજ છે, હિલોળા છે, ડંકા છે—માટે તેને સંભારો, તેને માણો, તેને અપનાવો. મૌક્તિક

Be glad for the things you have, and you will find that you have far more than you thought. Then you will not miss, in the least, the things you have not. Christion D. Larson.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "પ્રકાશ" અંગે

ગત માસમાં "પ્રકાશ સહાયક ફંડ"માં નીચે પ્રમાણે રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૫) શેઠ દેવચંદ પીતાંબરના સ્મરણાર્થે | |
| હ. શેઠ છોટાલાલ ચુનીલાલ | વાલવોડ |
| ૫) જૈન સંઘ | સીપોર |
| (મુનિરાજશ્રી વિનયવિજયજીના ઉપદેશથી) | |
| ૧। શા. આશાભાઈ ખેમચંદ | બરોદરા |
| રૂા. ૧૧। કુલ | |

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

### પુરુષ વિભાગ ૧-૨ (સંપૂર્ણ)

'ભરતેસરબાહુબલિ'ની સજ્ઝાય તો રાઇ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૭૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ડેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

## આગમોનું દિગ્દર્શન
લેખક—**પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા**

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણ અજાણ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ. અમારે ત્યાંથી મળી શકશે.

---

## દાનધર્મ, પંચાચાર
લેખક—**શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા**

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાંચ આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇના આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય રૂા. એક. અમારે ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્હરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

---

## શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ-પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦
૨ બીજો ભાગ-પર્વ ૩-૪ ૫-૬ શ્રી સંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. ૨-૪-૦
૩ ત્રીજો ભાગ-પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ-પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( પહેલો તથા પાંચમો ભાગ હાલ સીલીકમાં નથી. ).

---

### શ્રી વિજયલક્ષ્મીસૂરિવિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર

આ આખા ગ્રંથનું ભાષાંતર અમે પાંચ ભાગમાં છપાવીને પ્રસિદ્ધ કરેલ છે. એમાં સ્થંભ ૨૪ ને વ્યાખ્યાન ૩૬૦ છે. દરેક વ્યાખ્યાનમાં એકેક કથા છે. બીજો ભાગ શીલીકમાં નથી. ભાગ ૧ લો રૂા. ૨॥, ભાગ ત્રીજો રૂા. ૨, ચોથો ભાગ ૨॥ અને પાંચમા ભાગના ૨॥. આ ગ્રંથ અજોડ છે. આવો વર્ષના દિવસપ્રમાણ વ્યાખ્યાનવાળો બીજો કોઇ ગ્રંથ નથી. ભાષાંતર પણ સરલ ભાષામાં સુંદર કરવામાં આવેલ છે. કર્તાએ પ્રયાસ બહુ સારો કર્યો છે.

---

## શ્રી ઉપમિતિ ભવપ્રપંચ કથા ભાષાંતર

### ભાગ ૧-૨-૩-૪

પ્રથમના ૩ ભાગમાં આખા ગ્રંથનું ભાષાંતર સંપૂર્ણ આવે છે. આ પણ એક અપૂર્વ અને અજોડ ગ્રંથ છે. ત્રણે ભાગ મળીને કિંમત રૂા. ૯॥ છે. ચોથા ભાગ તરીકે તે ગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણીનું ચરિત્ર ઘણું વિસ્તારથી આપવામાં આવ્યું છે તેની કિંમત રૂા. ૧) છે. જરૂર મંગાવો ને વાંચો. લખો-**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only